શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી જૈન શ્વેતાંબર

# શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ

• ઈતિહાસ • વર્તમાન પરિસ્થિતિ • આપણું કર્તવ્ય

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
અખિલ મહારાષ્ટ્રીય જૈન શાસનરક્ષા સમિતિ.
જૈન ગુરુમંદિર, પગડબંદ લેન, નાસિક – (મહારાષ્ટ્ર.)
Pin – 422001.

મૂલ્ય : પ્રચાર

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

"દિગંબર ભાઈઓએ હાર્યો જુગારી બમણું રમવાની બહાદુરી બતાવવા ફરીથી અંતરીક્ષજીના આંગણાને ઝઘડાનું મેદાન બનાવીને ઝંપલાવ્યું છે. તેવા વખતે આ વિષયને સ્પષ્ટ કરતી આ પુસ્તિકાને સૌ કોઈ સમભાવપૂર્વક વાંચે, વિચારે અને આપણું કર્તવ્ય શું છે તેનો પૂર્ણ નિશ્ચય કરે."

# આ તે કેવી દાદાગીરી દિગંબરોની !

શ્રી અંતરીક્ષજી તીર્થની માલિકી કરી લેવા કોર્ટમાં કરેલા બધા જ કેસોમાં જેમને સખ્ત પછડાટ ખાવી પડે તેવા ઘોર પરાજયો તો સાંપડયા પણ ન્યાયમૂર્તિઓના ખૂબ જ સખ્ત શબ્દોના જેમને ઠપકાં પણ મળ્યા !

અને છતાં...ધાકધમકી, દાદાગીરીના જોરે હજી પણ શ્વે. મૂ. પૂ. જૈનોની સંપૂર્ણ માલિકીનું કોર્ટોમાં ઠરેલું અંતરીક્ષજી તીર્થ પચાવી લેવાના ધમપછાડા ચાલી રહ્યા છે. તે દિગંબરોને હવે આપણે બોધપાઠ આપવો જ પડશે.

આ લોકોએ સંપૂર્ણ રીતે આપણી માલિકીના અંતરીક્ષજી, શિખરજી વગેરે પાંચ તીર્થોને પોતાના કબજે લેવા માટે એક કરોડ રૂપીઆનું ધ્રુવ-ફંડ કર્યું છે. આ ફંડ માટે બહાર પડેલી પત્રિકામાં દિગંબરોએ અંતરીક્ષજી વગેરે તીર્થોને પોતાની માલિકીના જણાવીને આપણને આક્રમણખોર કહ્યા છે. હાય ! કેટલી બધી દાદાગીરી !

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના અગ્રણીઓ ! પૂજનીય આચાર્ય દેવાદિ મુનિવરો, સાધ્વીજી મહારાજો, શ્રાદ્ધવર્યો, દાનવીરો, શિક્ષિતો, કર્મઠ કાર્યકરો, સહુ જાગો ! અને આપની તમામ શક્તિ આ 'તીર્થરક્ષાના કાર્ય'માં લગાવો.

આપણા તીર્થની રક્ષા કરવી એ આપણો ત્રિકાલાબાધિત હક્ક છે.

શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈન સંઘ એ કાંઈ નિર્માલ્યોનો સંઘ નથી, એ વાત આપણે હવે ખૂબ જ સારી રીતે જાહેરમાં મૂકી દેવાનો સમય પાકી ગયો છે.

આપણા અંતરીક્ષજી વગેરે તીર્થોની રક્ષા અને સેવા કરવા માટે વિ. સં. ૨૦૩૬ ના આસો સુદ દસમના શુભ દિવસે 'અખિલ મહારાષ્ટ્રીય જૈન શાસનરક્ષા સમિતિ'ની નાસિક મુકામે સ્થાપના કરવામાં આવી છે. હાલ તુરતમાં આ સમિતિના અન્વયે અંતરીક્ષજી તીર્થની રક્ષાનું કાર્ય હાથમાં લેવામાં આવ્યું છે. આ સમિતિનું 'રીલીજીઅસ ટ્રસ્ટ' બનાવાયું છે અને તે સરકારી દફતરમાં રજિસ્ટર કરવામાં આવ્યું છે.

દાનવીરોને અમારી વિનંતી છે કે તેઓ આ ટ્રસ્ટને પોતાનું-અંગત ઉદારતાભર્યું દાન સર્વસાધારણ ખાતે આપે. તથા દેવદ્રવ્યની રકમ પણ દાનરૂપે મોકલે જેનો ઉપયોગ સંપૂર્ણ શાસ્ત્રનીતિ મુજબ કરવામાં આવશે.

આ સમિતિને અનેકાનેક પૂજનીય આચાર્યાદિ ગુરુદેવોના આશીર્વાદનું અમોઘ બળ પ્રાપ્ત થયું છે.

સમિતિનું સ્થળ : જૈન ગુરુમંદિર, પગડબંદ લેન, નાસિક-(મહારાષ્ટ્ર.)

'અખિલ મહારાષ્ટ્રીય જૈન શાસનરક્ષા સમિતિ'—એ નામના ચેક કે ડ્રાફ્ટ ઉપરના સરનામે મોકલી શકાશે.

# श्री जैन श्वेतांबर श्री अंतरीक्षजी तीर्थ
# इतिहास : वर्तमान परिस्थिति अने आपणुं कर्तव्य

ભારતવર્ષનો જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ શાંતિપ્રિય છે. એ કોઈ ઝઘડામાં માનતો નથી. એ શાંતિપ્રિયતાનો અર્થ કોઈ જુદો કરીને, પોતાની વારસાગત ધર્મ–મિલકતને કોઈ આંચકી લેવા માગે તો તેમની સામે આંખ લાલ કરવામાં તે પાછળ રહે–એ બન્યું નથી અને બનવાનું પણ નથી.

## પૂર્વ ઇતિહાસ

શિરપુર (જી. અકોલા) માં આ પ્રાચીન જૈન શ્વેતાંબર તીર્થસ્થાન છે, જેનો સંપૂર્ણ વહીવટ શ્વેતાંબર વ્યવસ્થાપકો સદીઓથી કરતા આવ્યા છે. આ મંદિરના મૂળનાયક શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્વામીની પ્રાચીન પ્રતિમા આજે પણ જમીનથી અદ્ધર છે. પ્રતિમાજી ઘણા જ પ્રભાવી અને ચમત્કારિક છે.

આ આપણા પ્રાણપ્યારા તીર્થ ઉપર દિગંબર જૈનોએ ખોટી રીતે જોર–જુલમથી બેકાયદેસરના આક્રમણો ચાલુ કર્યા છે અને આ તીર્થ પચાવવાની મેલી મુરાદથી તેઓ વર્ષોથી શિરજોરી કરતા આવ્યા છે; જેની સામે આપણને અદાલતના આંગણે ન્યાયનું દ્વાર ખખડાવીને ન્યાય માગવાની વખતોવખત ફરજ પડી છે.

આ પ્રતિમાજીની પૂજા અત્યારે બન્ને આમ્નાયના લોકો, શ્વેતાંબરી સંઘ અને દિગંબરી સંઘ વચ્ચે આપસમાં બેસીને સન ૧૯૦૫ની સાલમાં નક્કી થએલા સમય-પત્રક પ્રમાણે કરે છે. શ્વેતાંબરીઓ પ્રભુ પ્રતિમાજીને ચક્ષુ, ટીકો અને મુગુટ, આભુષણો આદિ ચઢાવેલી અવસ્થામાં પૂજે છે, ત્યારે દિગંબરીઓ તે વસ્તુઓ વિરહિત એવી અવસ્થામાં પૂજે છે. આ રીતે પૂજવાનો બન્નેનો હક કાયમ થએલો છે.

## સમયપત્રક કઈ રીતે થયું ?

સન ૧૯૦૨ની સાલ સુધી આ તીર્થમાં આપણા નીમેલા પોળકર પૂજારીઓના હસ્તક વ્યવસ્થા થતી હતી. પણ પોળકરો અધિકારોના મર્યાદાનું અતિક્રમણ કરી જુદા જુદા હક્કો જમાવતા ગયા અને મંદિરના 'દાદા' બનીને બેઠા. જેથી તેઓ માલિક એવા શ્વેતાંબરોની પણ સામે થયા. દિગંબરો અને શ્વેતાંબરોની વચ્ચે અથડામણ ઊભી કરીને પોતાનો સ્વાર્થ સાધવાનો પ્રયાસ કરવા લાગ્યા અને યાત્રીઓની પણ કનડગત કરવા લાગ્યા ત્યારે આપણે તે પોળકરોની સામે વાશીમની

ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટની કોર્ટમાં મિસી. ક્રિમીનલ કેસ નં. ૩ ઓફ ૧૯૦૩નો કેસ માંડયો. જેમાં દિગંબર ભાઈઓની પણ આપણે સહાય લેવી પડી. પોળકરોએ પણ આપણી સામે સિવિલ સુટ નં. ૯૪/૧૯૦૫નો દાખલ કર્યો, જેમાં આખરે માંડવાળ (Compromise) થઇ અને પોળકરોને પૂજારી તરીકે હટાવી તેમના ચાર પ્રતિનિધિઓને મંદિરના નોકર તરીકે રાખવા, સર્વેને મળીને રૂ. ૨૬૧) વર્ષાસન આપવું, એમ નક્કી થયું અને ભગવાન આગળ ચઢાવેલું નિર્માલ્ય તથા પૈસા આદિ તેમને લેવાનો હક આપી સંતોષ પમાડવામાં આવ્યો.

આ વર્ષાસનની રકમ આજ દિવસ સુધી શ્વેતાંબર સંઘની પેઢીમાંથી અપાય છે.

સન ૧૯૦૫ની સાલ સુધી સ્થાનિક દિગંબર ભાઈઓને આ મૂર્તિની ચક્ષુ, ટિકા, મુગટ આદિ સાથે જ કોઈ કોઈ વખત પૂજા કરવા દેતા હતા.

પણ ૧૯૦૫ની સાલમાં તેઓએ આ ભગવાનની તેમના આમ્નાય મુજબ પૂજા કરવાની માંગણી કરી અને ઝઘડાનું વાતાવરણ ઊભું કર્યું. તેથી બન્ને પક્ષના આગેવાન ભાઈઓ એકત્ર મળ્યા અને સં. ૧૯૬૧માં ચૈત્ર સુદ ૫ ના દિવસે ભેગા બેસીને એક સમયપત્રક ઘડી કાઢયું, જેમાં શ્વેતાંબર તથા દિગંબર ભાઈઓને પોતપોતાની માન્યતા મુજબ પૂજા કરવા માટે લગભગ અરધો-અરધો સમય વહેંચી આપ્યો. શ્વેતાંબર ભાઈઓએ ઉદારતાપૂર્વક આ સમયપત્રકને માન્યતા આપી.

### ઝઘડાના મૂળ પાકા થયા.

આવી છૂટનો તેઓ આવો ભયંકર દુરુપયોગ કરી આ તીર્થને સતત અશાંતિનું ધામ બનાવશે એવી કોઈ કલ્પના તે વખતના વ્યવસ્થાપક ભાઈઓએ કરી નહિ. અને તેઓને એવી કોઈ શંકા પણ ઉપસ્થિત થઈ નહિ. કારણ કે તે વખતના શ્વેતાંબર આગેવાન ભાઈઓ અને દિગંબર આગેવાન ભાઈઓના વ્યાવહારિક સંબંધ બહુ જ સારા અને ભાઈચારાના હતા, તેથી વહીવટમાં પણ તેઓ સાથે રહ્યા હતા પણ; સમય જતાં સ્પષ્ટ થએલું છે કે......

### વિશ્વાસ મૂકવા જતાં દાઝવા વખત આવ્યો છે.

સન ૧૯૦૮ની સાલ સુધી આ રીતે વ્યવસ્થા અને વહીવટ ચાલ્યો પણ જ્યારે ઉપરની સાલમાં પ્રભુજીની પ્રતિમાજીને લેપ કરવાનો વખત આવ્યો અને પેઢી તરફથી રોકાએલા કારીગરોએ જૂનો લેપ ઉતાર્યો ત્યારે દિગંબર ભાઇઓના મનમાં પ્રભુજીની પ્રતિમાજીને દિગંબરી બનાવવાની મેલી મુરાદનું પાપ જાગ્યું અને કાવત્રું રચવામાં આવ્યું. પ્રભુજીના અંગ ઉપરના મૂળભૂત શ્વેતાંબર ચિન્હો એટલે 'કંદોરો

અને કછોટો ' આ બે ચિન્હો ઉખેડી નાખીએ તો જ આ કામ સિદ્ધ થાય એવું જાણીને લાગ જોઈ તા. ૧૩મી ફેબ્રુઆરી ૧૯૦૮ના દિવસે કોઈ લોઢાના હથિયાર વડે આ બે ચિન્હો ખોદી કઢાવ્યા (Chiselled). અને આ રીતે દિગંબરોએ ભગવાનનું ભયંકર અપમાન અને ઘોર આશાતના કરીને શ્વેતાંબર સંઘના હૃદય ઉપર સીધો જ ઘા કર્યો અને તેમની ધાર્મિક લાગણી બહુ ખરાબ રીતે દુભાવી.

ઉપરોક્ત બનાવથી ભારતભરના શ્વેતાંબર સંઘોમાં ભયંકર રોષ જાગ્યો અને જોરદાર ખળભળાટ મચી ગયો અને દિગંબરોના આ અપકૃત્યનો જવાબ માંગવાની માગણીએ જોર પકડયું. તેથી શ્વેતાંબર વ્યવસ્થાપકોને પણ ન્યાય માટે કોર્ટનો આશરો લેવાની ફરજ પડી.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ આ તીર્થસ્થાનનો વર્ષોથી વહીવટ કરતો આવ્યો હતો અને ભગવાનની પૂજા-લેપ તથા સંસ્થાનનો વહીવટ કરવાનો તેમનો એકલાનો જ (Exclusive) અધિકાર હતો. પૂર્વે પણ લેપ વિગેરે અનેક વખત કર્યાની હકીકત બની ચુકેલી હતી. દિગંબરો આ રીતે ચાલુ લેપમાં ખોટી રીતે બેકાયદેસરના અવરોધો ઊભા કરી તેમને આપેલી સવલતનો (Concession) આવો ધૃષ્ટતાપૂર્વક દુરૂપયોગ કરી, પોતાનું પોત પ્રકાશિત કરવાથી શ્વેતાંબર વ્યવસ્થાપકો પરિસ્થિતિનો તાગ પામી તુરત જ ન્યાયકોર્ટનો આશરો લેવા ગયા. અને અકોલાની એડીશનલ ડિસ્ટ્રીકટ જજની કોર્ટમાં દિગંબરોની વિરુદ્ધમાં નં. ૪/૧૦નો સુપ્રસિદ્ધ દાવો દાખલ કર્યો. જેમાં મૂર્તિ-મંદિર પૂજા અને વહીવટ સંબંધીના સંપૂર્ણ હક્કોની માંગણી કરી અને મૂર્તિને નુકસાન પહોંચાડનાર ભાઈઓની પાસેથી નુકસાન ભરપાઈ અને તેમની સામે પગલાં લેવાની માંગણી કરી હતી. દિગંબરોએ પણ આ કેસમાં (Cross-objections) દાખલ કર્યા અને લગભગ શ્વેતાંબરો જેવી જ પૂરા હક્કોની માંગણી કરી.

**સન ૧૯૧૮ની સાલમાં આ કેસનો ફેંસલો આવતાં બન્ને પક્ષને સંતોષ થયો નહિ.**

તેથી નાગપુરની હાઈકોર્ટ જેવી કે એડિ. જ્યુડિશીઅલ કમિશનર ઓફ સેન્ટ્રલ પ્રોવિન્સેસ એન્ડ બેરારની વડી અદાલતમાં ફર્સ્ટ અપીલ નં. ૩૯-B ઓફ ૧૯૧૮ની દાખલ કરવામાં આવી.

આ કેસમાં આપણા તરફથી ૬૦૦થી વધુ લેખિત પુરાવાઓ દાખલ કરવામાં આવેલા અને અનેક સાક્ષીઓની જુબાનીઓ આપવામાં આવેલી. એ બધાની

છણાવટ કરી બન્ને પક્ષનું પૂરું સાંભળી લઈ પાંચ વર્ષ પછી ૧લી ઓક્ટોબર ૧૯૨૩ની સાલમાં આ કેસનો ખૂબ વિસ્તૃત એવો નિકાલ જજ મહાશયોએ આપેલો છે, જે સંપૂર્ણ શ્વેતાંબરીઓની તરફેણમાં જ છે.

**અવળા પ્રચાર સામે સત્ય શું છે ?**

શ્રી અંતરીક્ષજી તીર્થના સંબંધમાં હાલમાં દિગંબર ભાઈઓ તરફથી વર્તમાનપત્રો, માસિકો, પાક્ષિકો અને વિવિધ રીતે પ્રગટ થનાર સમાચારો સાવ સત્યથી વેગળા અને જનતામાં ગેરસમજ ઉત્પન્ન કરનારા છે. આ ગેરસમજ દૂર કરવા અને જાહેર જનતાને સત્ય હકીકતની જાણ થાય એ હેતુથી આધારભૂત સત્ય હકીકતોને અત્રે ટૂંકમાં જાહેર કરવામાં આવે છે, તે સૌ કોઈ ધ્યાનપૂર્વક વાંચે અને વિચારે.

**ફર્સ્ટ અપીલ નં. ૩૯–Bમાં કોર્ટે નક્કી કરેલા મુદ્દાઓ ( Issues ).**

જેમાંથી પાંચ મહત્ત્વના મુદ્દાઓ નીચે આપવામાં આવ્યા છે :

1. Whether the Temple of Shri Antariksha Parshwanath and the main Idol therein **belonged** to the Shwetambari or Digambari sect of the Jain Community?

૧. શું શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર તથા મૂળનાયક ભગવાનની પ્રતિમા જૈનોના શ્વેતાંબર સંઘની કે દિગંબર સંપ્રદાયની માલિકીની છે ?

2. Whether the Shwetamberi Community has the exclusive right of management of the temple and properties ?

૨. શું શ્વેતાંબર સમાજને એકલાને જ આ મંદિર અને મંદિરની મિલકતનો વહીવટ કરવાનો હક છે ?

3. Whether the main Parasnath Idol was a Shwetambari Idol with waist Tie and kachhota (Langoti) ?

૩. "શું મૂળનાયક પારસનાથ ભગવાનની મૂર્તિ કંદોરા–કછોટા સાથે એવી શ્વેતાંબરી મૂર્તિ હતી ?"

4. Whether the Shwetambaries had a right of 'laping' (Replastering) the Idol ?

૪. "શું શ્વેતાંબરોને આ મૂર્તિને લેપ કરવાનો હક હતો ?"

**5. Whether any of the gentlemen, chiselled the idol with some iron instrument ? (to make it appear a Digambari idol) ?**

૫. શું કોઈ સદ્‌ગૃહસ્થોએ લોઢાના હથિયાર વડે, (મૂર્ત્તિનું દિગંબરીકરણ કરવાના હિસાબે) મૂર્તિ ઉપર ખોદાખોદ કરી ?

આ અને એવા બીજા અનેક મુદ્દાઓનો (Issues) ચુકાદો સન ૧૯૨૩ ની ૧ લી ઓકટોબરના દિવસે અપાયો છે. જેમાં નીચે મુજબના મુદ્દાઓનો પરામર્શ લેવાયો છે.

૧. શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથનું મંદિર તથા મૂર્ત્તિની માલિકી શ્વેતાંબરોની જ છે.

૨. શ્વેતાંબરોને એકલાને જ (Exclusively) આ સંસ્થાન તથા તેની મિલકતનો વહીવટ કરવાનો સમ્પૂર્ણ હક છે.

૩. "પારસનાથ ભગવાનની મૂર્ત્તિને કંદોરો અને કછોટો હતો અને મૂર્ત્તિ શ્વેતાંબરી જ છે."

૪. મૂર્ત્તિને 'લેપ' કરવાનો શ્વેતાંબરોનો જ હક છે."

૫. મૂર્ત્તિનો દેખાવ દિગંબરી થાય એટલા માટે એ હેતુથી મૂર્ત્તિ ઉપરનો કંદોરો અને કછોટો લોઢાના હથિયાર વડે ખોદાયો છે એ વાત માન્ય રખાઈ પણ કોણ વિશિષ્ટ (Particular) વ્યક્તિએ ખોદ્યો છે એ પુરવાર થયાનું ગણવામાં આવ્યું નહિ.

૬. બીજા પણ મુદ્દાઓનો વિમર્શ કરતાં કોર્ટે "આ પ્રતિમાજીને ચક્ષુ, ટિકો અને મુગુટ તથા દાગીના સાથે તેમ જ કંદોરા-કછોટા સાથે પૂજવાનો શ્વેતાંબરોને પૂર્ણ હક છે." એમ જાહેર કર્યું છે.

૭. સં. ૧૯૫૬ સુધી શ્વેતાંબરો આ સંસ્થાનનો વહીવટ કોઈ પણ અવરોધ કે કોઈના પણ હસ્તક્ષેપ વગર અબાધિત રીતે કરતા આવ્યા છે. સં. ૧૯૫૬ પ્રહેલાં દિગંબરોનો આ સંસ્થાનના વહીવટમાં જરા પણ હસ્તક્ષેપ ન હતો. અને સં. ૧૯૬૧ માં શ્વેતાંબરોએ દિગંબરોને પૂજા કરવાની છુટ આપી હતી.

૮. તેમ જ આ પ્રતિમાજી મૂળથી નગ્ન નહિ પણ કંદોરા-કછોટા સાથેની છે.

લોઢાના હથિયાર વડે મૂર્ત્તિના અંગભૂત કંદોરો અને કછોટો ખોદવાથી શ્વેતાંબર જૈનોની ધાર્મિક લાગણી જરૂર દુભાએલી છે.

શ્વેતાંબરોએ માંડેલ આ કેસ દિવાની સ્વરૂપનો છે અને તેની દખલ લેવાનો આ કોર્ટને અધિકાર છેઃ—દાવો મુદતમાં કરેલો છે.

આ ચુકાદાની સર્વે વિગત ઘણી જ જાણવા જેવી છે. આથી ઝગડાના આખા સ્વરૂપ ઉપર સ્વચ્છ પ્રકાશ પડી શકે છે. અને ન્યાયકોર્ટે કેવી રીતે તોલી માપીને ન્યાય આપ્યો છે અને દિગંબરો સતત ખોટાનો આશરો લઈ આપણને નાહકના કેવી રીતે પજવી રહ્યા છે તે સહેજે જણાઈ આવે તેમ છે! આ ચુકાદો સન ૧૯૨૩ ની સાલમાં આવ્યો હતો.

તેનો આછો પણ સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે આ કેસમાં તેમજ તે પછી થએલ પ્રિવ્હી કાઉન્સીલના અપીલના ચુકાદામાં અને બીજી અનેક દિવાની અને ફોજદારી કેસોમાં વખતોવખત જે ચુકાદાઓ આવ્યા છે તેમાંથી મહત્ત્વનો ભાગ નીચે આપવામાં આવેલ છે:

### શ્વેતાંબરોની તરફેણમાં જ કોર્ટોના ચુકાદાઓ.

"Abstracts of judgement of Nagpur High Court."

### " નાગપુર હાઈકોર્ટના ચુકાદામાંથી "

"The title and the right of Management of the Sansthan has been proved to have been enjoyed exclusively by the Plaintiffs (Shwetambaries). The Judge has Come to the conclusion that the plaintiffs have clearly proved that the Management of the temple was all along in the hands of the Shwetambaries and Balapur panchas."

"આ સંસ્થાનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો હક્ક એકલા વાદી (શ્વેતાંબરો) ઓને જ છે એ વાત પુરવાર થઈ ગઈ છે. મા. જજસાહેબો એ નિર્ણય ઉપર આવેલ છે કે, વાદીઓએ સ્પષ્ટ રીતે પુરવાર કરેલ છે કે આ મંદિરની વ્યવસ્થા પૂર્વાપરથી શ્વેતાંબર સમાજ અને બાલાપુર પંચના હાથમાં હતી."

"The Idol, the Judges finds was a Shwetambari one having a Katisutra and Langoti."

મા. જજ મહાશયોને એમ જણાય છે કે આ પ્રતિમા શ્વેતાંબરીય હતી અને તેને કટીસૂત્ર અને લંગોટી હતી."

"The Plaintiffs (Swhetambaries) were given a permanant injuction against Defendants, the Digambari Sect, restraining the latter from obstructing the plaintiffs and their sect in putting the paste on the Idol and restoring it to its former condition, namely making the Kachhota and Kargota, marks on the ears and arms."

[ " આ પ્રતિમાને લેપ કરવામાં કે તેને કંદોરો અને કછોટો તેમ જ કાન અને હાથ ઉપરના ચિહ્નો કરી પૂર્વસ્થિતિ મુજબ બનાવવામાં વાદીઓ કે વાદીના પંથને ( શ્વેતાંબરોને ) પ્રતિવાદીઓ કે પ્રતિવાદીઓના પંથ તરફથી કોઈ હરકત કરવામાં ન આવે એવો કાયમનો મનાઈ હુકમ આપવામાં આવે છે. " ]

"It seems to us that there is little doubt that the principal Idol in the temple was a Shwetambari one."

[ " અમને એમ જણાય છે કે આ મંદિરમાંની મૂળનાયકની પ્રતિમા શ્વેતાંબરી હતી એમાં જરાય શંકા નથી. " ]

"It was established that the Idol possesses ornaments and these were habitually used. It goes a long way towards showing that the deity originally belonged to the Shwetambaries. In our opinion that oral evidance adduced by the Plaintiffs (Shwetambaries) is sufficient to show that the Idol belongs to them."

[ " એ પુરવાર થઈ ચુકેલું છે કે આ પ્રતિમાને દાગીનાઓ છે. અને તે કાયમી વપરાશમાં હતા. જે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન ( દેવ ) મૂળમાં શ્વેતાંબરોના જ છે. અમારા મત પ્રમાણે વાદીઓ ( શ્વેતાંબરોના ) તરફથી જે મૌખિક પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા છે તે, પ્રતિમા તેમની માલિકીની છે એ વાત પુરવાર કરવા માટે પૂરતી છે. " ]

"It seems to be conclusively proved that there are ornaments used in the worship of the principal Idol in the Temple."

[ " એ વાત ચોખ્ખી રીતે પુરવાર થયેલી જણાય છે કે આ મંદિરમાં મૂળનાયક ભગવાનની પૂજામાં દાગીનાઓ વપરાયા છે. " ]

" We have already found that the Idol is a Shwetambari one, These two facts strongly support the plaintiffs' allegation that the temple itself belonged to the Shwetambari sect.'

[ ' અમને ખરી રીતે દેખાય છે કે પ્રતિમાજી શ્વેતાંબરી છે અને આ બે હકીકતો " આ મંદિર શ્વેતાંબરોના પંથની માલીકીનું છે. " એ વાદીઓના દાવાને ખૂબ મજબૂતીથી આધાર આપનારી છે. ' ]

" Possession and management of the temple goes a long way towards proving its ownership."

[" આ મંદિરનો કબજો અને વહીવટ ઉપરથી તેની માલીકી પણ સિદ્ધ થાય છે. "]

'We are not inclined to believe the defence witnesses on the point of ownership and its management.'

[" અમો મંદિરની માલિકી અને વહીવટના મુદ્દા ઉપર પ્રતિવાદી ( દિગંબરો ) તરફથી આવેલા પુરાવાઓ ઉપર જરાય વિશ્વાસ મૂકવા તૈયાર નથી. "]

" The Documentary evidence produced by the plaintiffs proves beyond all reasonable doubt that the mangement of the Shrine by Shwetambaries for a very long series of years."

[" વાદી ( શ્વેતાંબરો ) તરફથી દાખલ કરવામાં આવેલા લેખિત પુરાવાઓ પૂર્ણ અને નિઃશંક રીતે પુરવાર કરી આપે છે, કે આ દેવસ્થાનનો વહીવટ ઘણા ઘણા વર્ષોથી શ્વેતાંબરોના હસ્તક હતો. "]

"We declare that the Shwetambaries are entitled to the exclusive management of the temple and image of Shri Antariksha Parshwanathji Maharaj at kasba Shirpur with katisutra, kardoda and lape, and that They have the right to worship that image with Chakshu, Tika and Mugat and to put on ornaments over the same in accordance with the custom."

[" એથી અમો એમ જાહેર કરીએ છીએ કે એકલા શ્વેતાંબરોને જ કસબે શિરપુરમાં રહેલા આ મંદિર અને શ્રીઅંતરીક્ષ પાર્શ્વનાથ મહારાજની પ્રતિમાજીનો વહીવટ કરવાનો તેમજ આ પ્રતિમાજીને કંદોરો અને કછોટા સાથે લેપ કરવાનો અને ચક્ષુ, ટીકા, મુગટ સાથે દાગીના ચઢાવવાપૂર્વક પોતાની પદ્ધતિ પ્રમાણે પૂજા કરવાનો સમ્પૂર્ણ હક્ક છે. "]

આ રીતે નાગપુર હાઈકોર્ટમાં હારી ગયા પછી દિગંબરોએ લંડનની પ્રિવ્હી-કાઉન્સીલમાં અપીલ દાખલ કરી જેનો નં. ૬૯/૨૭ હતો. જે અપીલનો નિકાલ સન ૧૯૨૯માં આવ્યો. તે પણ સમ્પૂર્ણ દિગંબરીઓની વિરૂદ્ધમાં જ આવેલો છે. નાગપુર હાઈકોર્ટનો ચુકાદો અને ડીક્રી બરાબર છે એવું કહી પ્રિવ્હી કાઉન્સીલે પોતાનો ચુકાદો અને ડીક્રી શ્વેતાંબરોની તરફેણમાં કરી આપેલ છે.

પ્રિવ્હી કાઉન્સીલના સન ૧૯૨૯ માં આવેલ આ ચુકાદાથી દિગંબરોને કાંઈ મળ્યું હોય તો તેમને સન ૧૯૦૫માં નક્કી થએલ સમયપત્રક ( Time table ) મુજબ પોતાના **આમ્નાય** મુજબ પૂજા કરવાનો તેમનો એક માત્ર હક કાયમ થયો,

તેમજ તેમના પૂજાના સમય દરમ્યાન જે Collection આવે તે લેવાની તેમને છૂટ મળી. આ સિવાય બીજુ કાંઈ પણ તેઓ આ છેલ્લી કોર્ટમાંથી મેળવી શકયા નથી.

**પ્રિવ્હી કાઉન્સીલના જજમેન્ટમાં નીચે મુજબ સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ છે કે–**

**Abstracts of Judgement of the Privy Council.**

" Broadly the findings are in favour of Swetambaries. They had all along been in acctual management of the Temple and Idol, their title and right of management had been cxclusive, and they had been worshiping the image with ornaments and paintings. The male organ of the deity being covered with waist tie and band for a period, which could not be definately asertained, but at any rate from 1847-48 The Digambaries had also been **allowed** to worship in their own way in the Temple-But the witnesses of the Digambaries, on the point of ownership of the Temple and its management were not believed."

" On full consideration of the whole case their Lordships have reached to the conclusion the decree is right. and in the result therefore the **appeal fails** and their Lordships will humbly advice His Majesty that it be dismissed **with costs.**"

" સામાન્ય રીતે ચુકાદાઓ શ્વેતાંબરોની તરફેણમાં છે. શ્વેતાંબરો જેઓ આ મંદિર અને મૂર્તિના પૂર્વાપર અને પ્રત્યક્ષ વ્યવસ્થાપકો છે, અને જેમનો વહીવટનો અને વ્યવસ્થાનો હક્ક એકમેવ અને સમ્પૂર્ણ ( Exclusive ) છે. એટલુંજ નહિ પણ તેઓ આ પ્રતિમાજીને રત્નો, આભુષણો, આંગીઓ વડે કરીને પૂજતા આવ્યા છે. પ્રતિમાજીનું પુરૂષચિહ્ન કંદોરો અનેક કછોટા વડે કરીને, જેનો સમય આપણે નક્કી નહીં કરી શકીએ પરંતુ કોઈ પણ હિસાબે છેલ્લા સંવત ૧૮૪૭–૪૮ જેટલા ઘણા લાંબા વખતથી ઢંકાએલું છે. આ મંદિરમાં દિગંબર ભાઈઓને પણ તેમની રીતે પૂજા કરવાની રજા આપવામાં આવી છે. પણ દિગંબરો તરફથી આ મંદિરની માલિકી અને તેના વહીવટના મુદ્દા ઉપર રજૂ કરવામાં આવેલા પુરાવાઓ ઉપર વિશ્વાસ મૂકયો નથી."

" આ કેસનો **સંપૂર્ણ** રીતે વિચાર કરતાં માન્યવર લોર્ડશીપો એ નિર્ણય ઉપર આવ્યા છે કે જે ડીક્રી નાગપુરની હાઈકોર્ટએ કરેલી છે તે જ બરોબર છે. તેથી દિગંબરોની આ **અપીલ** ખરચ **સાથે** રદ કરવામાં આવે છે."

## પ્રિવ્હી કાઉન્સીલની ડીક્રી

"The court of the Judicial Commissoner on the 1st October 1923 made a decree setting side the decree of the lower court and ordering.

(1) That the Shwetambaris are entitled to the Exclusive management of the Temple and image of Shri Antrsiksha Parasnathji Maharaj and that they have right to worship the image in accordance with their custom.

(2) That the Digambaries have a right of worshiping the image in accordance with an agreement made in 1905, but are not to interfere with the Shwetambari custom of worship.

(3) That the Digambari sect be permanently restrained from obstructing the Shwetamebari sect in getting the image restored to its original form and plastering the same now and hereafter."

"His Majesty having taken the said report into conssideration was pleased by and with the advice of His Privy Council to approve thereof and to order as it hereby ordered that the same be punctually observed, obeyed and carried into execution."

Whereof the judges of the court of the judicial commissner of the central Proviinces for the time being and all other persons whom it may concern are to take notice and govern them selves accordingly by.

નાગપુર હાઈકોર્ટમાંથી સન ૧૯૨૩માં ઉપર મુજબનો જ ચુકાદો આવ્યો હતો તેના તત્કાલ પછી સન ૧૯૨૪માં શ્વેતાંબરોએ ભગવાનને વિલેપન કરાવ્યું હતું ત્યારે પણ દિગંબરોએ વિલેપનકાર્ય સ્થગિત કરાવવા માટે કોર્ટનું શરણ સ્વીકાર્યું હતું પણ ત્યાં તેમનું કાંઈ પણ ચાલ્યું નહિ અને કોર્ટે તેમની વિનંતી અમાન્ય રાખી. તેના પરિણામસ્વરૂપ દિગંબરોએ લેપ કરાએલી મૂર્ત્તિ ઉપર પ્રતિદિન ગરમ દૂધ–ગરમ પાણી આદિનો પ્રક્ષાલ કરી અને બીજા અન્ય ઉપાયો વડે કરીને વિલેપન ઘસવાનો પ્રયાસ કરી તેમને મળેલા આધકારનો સદ્દુપયોગ (?) કરી રાજી રહ્યા. અને ત્યાર પછી તેઓ પ્રિવ્હી કાઉન્સીલમાં પોતાનો કેસ અપીલના સ્વરૂપમાં લઈ ગયા. ત્યાં પણ ઉપર જણાવ્યા મુજબ તેઓને પૂર્ણ હાર મળી.

ફરી ૧૯૩૪માં ભગવાનને લેપ કરવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે ફરીથી દિગંબરોએ વિરોધ ચાલુ કર્યો અને Old wine in new botlle.

એ ઉક્તિ પ્રમાણે એ જ વાત ફરી નવેસરથી કોર્ટ આગળ જોરશોરથી રજૂ કરી અને કોર્ટ સામે માંગણી કરી કે " જ્યાં સુધી લેપમાં કટિસૂત્ર અને કછોટાનું માપ નક્કી નહિ થાય ત્યાં સુધી વિલેપનનું કામ સ્થગિત રાખવું "

## ફરીથી અકોલા કોર્ટમાં કેસ ચાલ્યો

અને એ કોર્ટે મૂર્ત્તિ ઉપર કરવામાં આવતા કટિસૂત્ર અને કછોટાનું માપ નીચે મુજબ નક્કી કરી આપ્યું અને નીચે મુજબ આદેશ આપ્યો :

" કટિસૂત્ર ચોડાઈમાં ૧" (ઈંચ), કમરના એક ખૂણાથી બીજા ખૂણા સુધી વેષ્ટિત એવું બનાવવું અને જાડાઈ ૧/૩" ( ઈંચ ) રાખવી. અને કછોટાની જાડાઈ ૧/૮" ( ઈંચ ) અને પ્રારંભમાં ૨" ચોડાઈ અને અંતમાં ૨ ૧/૨" ચોડાઈ રાખવી. તેમજ મૂર્ત્તિના વિલેપનની ક્રિયા ચાલતી હોય ત્યારથી તે પૂરો સુકાઈ જાય ત્યાં સુધી શ્વેતાંબર સંઘ મૂર્ત્તિની પૂજા, પ્રક્ષાલ, અભિષેક આદિ ક્રિયા કરવા ઉપર પ્રતિબંધ રાખી શકે છે. તે વખતે દિગંબરો વિરોધ કરી શકશે નહિ. શ્વેતાંબરો જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે ત્યારે વિલેપન (લેપ) કરાવવા સ્વતંત્ર છે."

અકોલા કોર્ટના આ આદેશ પછી તુરત જ શ્વેતાંબરોએ લેપ કરવાની તૈયારી કરી...પણ દિગંબરોએ તરત જ અકોલા કોર્ટના નિર્ણય વિરૂદ્ધમાં નાગપુરની કોર્ટમાં અપીલ દાખલ કરી. નાગપુર હાઈકોર્ટના ન્યાયાધીશ મહાશય જસ્ટીસ પોલક સાહેબે તા. ૮–૭–૧૯૪૭ના દિવસે આ અપીલનો ચુકાદો આપતાં અકોલા કોર્ટની આજ્ઞા કાયમ રાખી દિગંબરોની અપીલ કાઢી નાખી અને સાથે સાથે એમ પણ કહ્યું કે, " દિગંબરો જાણીબુઝીને આ કેસને લંબાવી રહ્યા છે જેથી શ્વેતાંબરોને આ અંગે જે ખરચ થયું છે તે દિગંબરોએ તેમને આપવું."

## હાર્યા છતાં વાર્યા નહિ

નાગપુર હાઈકોર્ટમાં ચુકાદો આવ્યા પછી જેવી શ્વેતાંબરોએ લેપની તૈયારી કરવા માંડી કે તરત જ દિગંબરોએ પુનઃ હાઈકોર્ટમાં 'લેટર્સ પેટન્ટ' અપીલ કરીને લેપ સ્થગિત કરવાની માંગણી કરી. પરંતુ તા. ૧૭–૩–૪૮ ના દિવસે હાઈકોર્ટએ એમની આ અપીલ પણ અસ્વીકૃત કરી લેપ કરવા માટે કોઈ સ્થગિતિ ( Stay )નો આદેશ આપ્યો નહિ. જેથી શ્વેતાંબરોએ લેપનું કામ આરંભ્યું અને પુરું કરી તા. ૩–૧૦–૪૮ ના રોજ લેપ સુકાઈ જવા પછી ફરીથી પૂજા, પ્રક્ષાલ, અભિષેક આદિ દૈનંદિન કાર્યક્રમ ચાલુ કર્યો. જ્યારે પ્રભુ પ્રતિમાજી પ્રથમના કરતાં અનેક ગણી તેજસ્વી, દેદિપ્યમાન અને સુંદર જણાતી હતી.

બહુ દુઃખ સાથે આ નોંધ કરવી પડે છે કે દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચેના ઝઘડાઓ આટલા માત્રથી પૂરા થયા નથી. એક લાંબી એવી ઝઘડાઓની હારમાળા સર્જાઈ છે, જેનો વર્ષો સુધી પણ અંત આવ્યો નથી. આ કેવળ ' પૂજાનો હક્ક ' આપવાના કારણે, વ્યવસ્થાના કાર્યમાં સતત હસ્તક્ષેપ કરવાની તેમને તક મળી છે જેથી જ્યારે જ્યારે શ્વેતાંબરો મંદિરમાં સુધારો વધારો ( Structural Change ) અથવા રિપેરર્સ કરવા અથવા ધર્મશાળા આદિનું બાંધકામ સમારકામ કરવા જતા ત્યારે ત્યારે તે લોકો એક યા બીજી રીતે તેમાં અવરોધ ઊભો કરી દિવાની કે ફોજદારી કેસમાં વ્યવસ્થાપકોને સંડોવી દેતા આવ્યા છે.

## આવા અનેક કેસોમાંથી થોડા કેસીસમાંથી થોડું જાણવા જેવું

(૧) સી. આ. એ. નં. ૨૧૧/૧૯૩૩ના કેસમાં ચોકખી રીતે કહેવામાં આવ્યું છે કે:

" The Digambaries have only right of worship, and they have nothing to do with structural changes in the temple,"

" દિગંબરોને એકલો પૂજા કરવાનો માત્ર હક્ક છે. મંદિરના વાસ્તુમાં ફેરફાર થાય તેની સાથે તેમનો કાંઈ પણ સંબંધ નથી. "

(૨) ક્રિ. કેસ નં. ૭/૧૯૩૬ના એક ફોજદારી કેસમાં, જજ્જ મહાશયોએ ફેંસલો આપતા કહ્યું છે કે :

" The Shwetambaries are entitled to build a dharmshala. The Digambaries are not entitled to obstract the work by any meance, whether peaceful or otherwrise,"

(૩) મટી. અપીલ નં. ૩૯૧/૩૬માં કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે

" What the Digambaries have secured by the judgement of the Privy Council, above reffered to is **only a right of worship at the temple according to the time table of 1905 and no further.** Any interfearance by Digambaries in the management of the temple by the Shwetambaris be that Management by necessary alterations and improvements in the temple or its property. or by construction of further structures on the temple land-would amount to an unlawful act on the part of the Digambaries."

"પ્રિવ્હી કાઉન્સીલના ચુકાદાથી દિગંબરોએ ૧૯૦૫માં થયેલા ટાઈમ ટેબલ મુજબ આ મંદિરમાં ફક્ત પૂજા કરવાના હક સિવાય બીજું વધારાનું કાંઈ પણ મેળવેલ નથી. અને દિગંબરો તરફથી મંદિરની વ્યવસ્થામાં હસ્તક્ષેપ કે દખલ કરવામાં આવે તો તે, પછી તે વ્યવસ્થાપકો મંદિરમાં કે મંદિરની મિલકતમાં જરૂરી ફેરફાર કે સુધારો વધારો કરતા હોય અથવા કોઈ નવું બાંધકામ કરાવતા હોય, તેમનું કૃત્ય ગેરકાયદેસરનું ગણવામાં આવશે."

(૪) કેસ નં. ૯/૧૯૪૦ના જજમેંટમાં કોર્ટે ફરી ખુલાસાથી જાહેર કરેલ છે કે–

"Whether the Shwetambaries who have amdittedly a right of Exclusive management of the temple and image, were entitled to do overt acts in exercise of that right, In my openion they were entitled to do so. I hold accordingly."

"શ્વેતાંબરો કે જેમનો એકલાનો જ આ મંદિર અને મૂર્તિના વ્યવસ્થાપનનો સંપૂર્ણ (Exclusive) હક્ક માન્ય રખાયો છે, તેમને જરૂરી દરેક ચીજ (કાર્ય) આ હકના ઉપભોગમાં કરવાનો અધિકાર છે અને મારો પણ એ મત છે કે તેઓ આ રીતે અધિકારનો છૂટથી ઉપયોગ કરી શકે છે, એમ હું જાહેર કરું છું." વળી આગળ જતાં જજ્જ મહાશય કહે છે કે—

"My conclusion, Then, is that **the expression with all its immplications does not mean or include a claim to worship the image with its settings and surroundings."**

"તેથી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે પ્રિવ્હી–કાઉન્સીલના જજમેંટમાં વપરાયેલા શબ્દો, "With all its implications"ના અર્થમાં મંદિરના settings and surrounding ની સાથે પૂજા કરવાના હકનો કોઈ સમાવેશ થતો નથી અને એવો એનો અર્થ પણ થતો નથી."

(૬) મિસિ. યુ. **કેસ નં. ૬૩/૧૯૪૧** જેમાં શ્વેતાંબરીઓએ સિ. પ્રો. કો. કલમ ૪૭ નીચે દિગંબરોની સ્વતંત્ર ગાદી (પેઢી) હટાવવા માટેની માંગણી કરી હતી તેમાં જજ્જ મહાશયએ જે કહ્યું છે તે આ પ્રમાણે :

The learned Judge observes that the privy council decree granted a declaration only in favour of Shwetambaries so far as the right to the exclucive management of the temple and image is concerned and if there is any modification or clarification made by the Privy Council it was only with respect to the Digambari right of worship.

તેથી તેઓએ ચુકાદામાં એટલું જ કહ્યું કે—

"That the present application made under section 47 C.P.C was not tenable, and that the remedy loy in a separte suit."

"આ સિ. પ્રો. કો.ની ૪૭ કલમ નીચે કરેલી અરજી (tenable) બરાબર નથી. તે માટે જુદો દાવો કરવાનો જ ઉપાય કરવો જોઈએ." (આ ઉપર શ્વેતાંબરીઓએ બીજો કોઈ દાવો હજુ સુધી કરેલ નથી પણ ક્યારેય પણ કરી શકે છે.)

મિસિ. રિ. નં. ૨૮/૧૯૬૦ માં કોર્ટે કહ્યું છે કે—

'The Non applicants (Shwetambaries) in this case are not aggressors, and therefore the prosecution case is misconceived.'

"આ કેસમાં સંડોવાએલા બીગર અર્જદારો (શ્વેતાંબરો) આક્રમણખોરો નથી તેથી તેમની વિરૂદ્ધનો આ કેસ ટકતો નથી."

(૭) સન્ ૧૯૧૦માં દાખલ થયેલ સિ. રિ. કેસ નં. ૧૫/૧૦માં કહ્યું છે કે,

Evidence in both cases show that the Digambaries have all along been aggressors".

"આ બન્ને કેસમાં દાખલ થયેલા પુરાવાઓ ઉપરથી દેખાય છે કે દિગંબરો જ સદા સર્વકાળ આક્રમણખોરો છે."

(૮) સિ. એસ. નં. ૧૨૩એ/૧૯૫૬ માં શિરપુર ગામના બહારના ભાગમાં આવેલ "પવલી મંદિર" સંબંધી દાખલ થએલ એક કેસનો તા. ૧૬ મી જાન્યુઆરી ૧૯૬૫માં ચુકાદો આપતાં ન્યાયાધીશ મહાશયે સ્પષ્ટ રીતે ફેંસલો આપેલ છે કે,

"The pawali temple and its adjoining flields Survey Nos. 198 and 198/1, are the properties of Shri Antariksha Parasnath Temple and the demand by the Digambari Community for their full possession and management was rejected."

"પવલી મંદિર અને તેને લગતા ખેતરો સ. નં. ૧૯૭ અને ૧૯૮/૧–આ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મંદિરની મિલકત છે અને આ મંદિર અને ખેતરનો કબજો તથા વહીવટની દિગંબરોની માંગણીનો અસ્વીકાર કરવામાં આવે છે."

(આ બાબત હજુ નાગપુર હાઈકોર્ટમાં પેન્ડીંગ પડેલી હોવા છતાં જોહુકમી અને બળજરી કરી, ન્યાયકોર્ટોના હુકમ, મનાઈ હુકમને અવગણીને દિગંબરોએ આ મંદિરમાં અનેક રીતે દિગંબરીકરણ કરવાનો જોરદાર પ્રયાસ કરેલ છે, જે ખુલ્લે ખુલ્લો અન્યાય જ છે.)

(૯) ા૨. કેસ નં. ૩૫૧/૬૪નો ચુકાદો આપતાં ના. હાઈકોર્ટ નાગપુરએ તા. ૬ એપ્રિલ ૧૯૬૬ રોજના જજમેંટમાં કહ્યું છે કે,

"The learned Judge has observed that the dispute. in suit is between two rival sects of the same religion. That is not strictly a correct statement. It is no longer a matter of dispute between two contending parties. The defendants (Shwetambaries) are doing the things complained of under authority of the decisions of the civil courts, as also of the privy council. Those decisions must stand until they are set aside, in accordance with law, and till they are set aside, the dispute is between mere challengers or claimants on the one hand, and persons whose rights have been upheld by the decree of the highest tribunal on the other."

[નીચલી કોર્ટના જજે કહ્યું છે કે 'આ ઝઘડો એક જ ધર્મના બે વિરોધી સંપ્રદાયો વચ્ચેનો છે' એ વાત ખરી રીતે વિચાર કરતાં બરાબર કે સાચી નથી. હવે આ હકની માંગણી કરતા બે પક્ષો વચ્ચેનો ઝઘડો રહ્યો જ નથી. પ્રતિવાદી (શ્વેતાંબરો) જે કાંઈ પણ કરે છે (જેની સામે વાદીઓએ વાંધો ઉઠાવ્યો છે) તે ન્યાય કોર્ટો અને પ્રિવ્હી કાઉન્સીલના ચુકાદાથી મળેલા અધિકારો મુજબ જ કરે છે. આ ચુકાદાઓના અધિકારોમાં જ્યાં સુધી ન્યાયની વિધિથી ફેરફાર નહિ થાય ત્યાં સુધી તે અબાધિત રહેવા જોઈએ. ત્યાં સુધી આ ઝઘડો કેવળ ગેર-વ્યાજબી રીતે માંગણી કરનારા ઝઘડાળુઓ અને જેમના અધિકારો અને હક્કો છેલ્લામાં છેલ્લી કોર્ટમાં સાબિત થઈ ચૂકયા છે એવા બે પક્ષો વચ્ચેનો જ ઝઘડો ગણાય."]

## સન ૧૯૫૯ માં પુનઃ લેપનો પ્રસંગ

પ્રતિમાજીનો લેપ ઘણા ઠેકાણે જીર્ણ થઈ ગયો અને યાત્રીઓ તરફથી વારંવાર લેપ કરાવવા અંગેના સૂચનો આવતા તીર્થ કમિટીએ પ્રતિમાજીને લેપ કરવાનું નક્કી કર્યું. અને ગુજરાતમાંથી બે કારીગરોને લેપ માટે તેડાવી તેઓને હાઈકોર્ટના નક્કી કરેલા માપ મુજબ લેપ કરવાની સ્પષ્ટ સૂચના સાથે લેપ કરવા બેસાડયા. (લેપ કરવા પહેલાં જાહેર ખબર વિગેરેની બધી વિધિ કરવામાં આવેલ હતી.) આ પ્રસંગને ફરી એકવાર ઝઘડો ઊભો કરવાની સુંદર તક માની દિગંબરો ફરીથી મંદિર તથા મૂર્તિને દિગંબરી બનાવવાની પોતાની મેલી મુરાદ પૂરી કરવાના લોભે પ્રથમના કરતાં વધુ જોશથી કાવત્રુ કરવાપૂર્વક ઝઘડામાં ઉતર્યા. અને જેવો

લેપ પ્રભુના અંગ ઉપરથી ઉતરી ગયો કે તરત જ બૂમાબૂમ કરવા માંડયા, કે, 'શ્વેતાંબરો મૂર્તિને વિદ્રુપ કરે છે.' લેપવાલાને ધમકાવીને માર મારીને લેપનો સામાન ફેંકાવીને, લેપનું ચાલતું કામ બંધ પડાવ્યું. એટલું જ નહિ પણ છાપાઓમાં ખોટા સમાચાર પ્રસારિત કર્યા, સરકારી અધિકારીઓ ઉપર ખોટા મજકુરની સેંકડો તારો, ટપાલો મોકલાવી, સ્થાનિક અધિકારીઓને દિશાભૂલ કરી ભડકાવ્યા. જેના પરિણામ સ્વરૂપે–૨૬ જાન્યુઆરી ૧૯૬૦ના ( સ્વાતંત્ર્ય દિને ) **પ્રભુજીની મૂર્તિ જપ્ત કરાવીને પાંજરામાં પૂરી અને શ્વેતાંબરોના લેપ કરવાના કામમાં સીધેસીધો અવરોધ ઊભો કરીને ન્યાય કોર્ટના હુકમનું હડહડતું અપમાન કર્યું.**

પ્રભુજીની આવી ઘોર આશાતના અને અપમાન શ્વેતાંબરોથી કેમ સહન થઈ શકે ? ભારતભરમાં ચકચાર જાગી. તીર્થ કમિટીના ભાઈઓએ રાત દિવસ મહેનત કરીને અધિકારીઓમાં ફેલાએલી ગેરસમજ દૂર કરી, આ જપ્તીને હટાવવાનો હુકમ લાવ્યા. એ વખતે સ્પષ્ટ રીતે દેખાઈ આવ્યું કે જીલ્લા અધિકારીથી માંડીને પોલીસ ઓફિસરો સુધી દરેક અધિકારીઓ શ્વેતાંબરોની સાચી વાતને સાંભળવા પણ રાજી ન હતા. અને કોઈ પણ વાતનો સીધો જવાબ પણ આપતા ન હતા.

મંત્રી, તંત્રી અને સંત્રીઓ બધાના જ ચક્રો ઉલટા ગતિમાન જણાતા હતા.

પણ શ્વેતાંબરીઓનું પુણ્ય પ્રબળ હતું અને શાસનદેવની સહાયથી મહારાષ્ટ્ર રાજ્યના તે વખત મુખ્ય મંત્રી **મા. શ્રી યશવંતરાવ ચૌહાણ સાહેબ** સમક્ષ આપણી વાત રજુ કરતાં તેઓએ ન્યાયને બરાબર ખ્યાલમાં લઈને શ્વેતાંબરોને લેપ કરવાનો સીધો હુકમ અને તે માટે જરૂરી સરંક્ષણ આપ્યું, ગૃહ ખાતાનાં જે પત્રથી આ હુકમ આપ્યો તેનો **નંબર** SBI/DIS : 1260/2732 of 16th June 1960–આ હતો અને ઓર્ડર નીચે મુજબ હતો.

From, : The Assistant secretary to the Government of Maharashtra, Home Department.

To, : Shri Kantilal Virchand shah, Honorary secretary, shri Antariksha Parshwanath sansthan ( Shirpur ), at post Malagaon, Dt. Nasik.

Subject : Request for police protection for doing the work of plastering the Idol of Shri Antariksha Parshwanath Maharaj.

Sir,

With reference to your application dated 19th March 1960, on the subject noted above, I am directed to inform you that the District Magistrate, Akola, is being asked to see that the Shwetambari Jains are allowed to plaster the Idol of Shree Antariksha Parshwanath Maharaj, in accordence with the decision of various courts, subject to the condition that no injuction is passad by a court to the contrary.

Yours faithfully
Assistant secretary
to the Govt. of Maharastra
Home Department.

આ સંબંધમાં વિશેષ ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે જ્યારે પ્રભુજીને પાંજરામાં પુરવામાં આવ્યા ત્યારે ભારતભરના શ્વેતાંબર જૈનોએ મહાન ભયંકર વ્યથાનો અનુભવ કર્યો. અનેકોએ તે માટે તપશ્ચર્યાઓ આદરી, ઈષ્ટ વસ્તુઓનો ત્યાગ કર્યા અને ઠેરઠેર પ્રભુ-મંદિરોમાં પ્રાર્થનાઓ કરી. ત્યારે દિંગબર ભાઈઓએ ખુશાલી મનાવી, સરકારી અધિકારીઓના અભિનંદનો કર્યા અને જાણે આનંદોત્સવ મનાવ્યો. અને 'આ તીર્થ હવે દિગબંરી થઈ ગયું" એવો પ્રચાર પણ ચાલુ કર્યો. કેવી ઘોર આશાતના ! કેટલો દુ:ખદાયી પ્રકાર !

પણ જેવો મુંબઈથી ગૃહખાતાનો ઉપર જણાવ્યા મુજબનો હુકમ મળ્યો તે જ વખતથી **ઉલટા ગતિમાન થયેલા ચક્રો સીધી ગતિથી ફરવા લાગ્યા,** અને લેપનું સ્થગિત રહેલું કામ ફરીથી ચાલુ કરવામાં આવ્યું અને પૂર્ણ કરવામાં આવ્યું. સરકારી અધિકારીઓને પણ દિગંબરીઓની ખોટી ચાલનો સારો પરિચય થયો. અને સત્ય શું છે તે સમજાઈ આવતા તેઓ પણ પોતાની માન્યતાઓ ફેરવી સત્યના પક્ષે આવીને બેઠા. ત્યારે આ અસત્યવાદીઓના હોશ ઉડી ગયા. અને ચારે તરફ સંતોષનું વાતાવરણ ઊભું થયું. કારીગરોએ પણ એક 'પ્રશમરસ નિમગ્નં દ્દષ્ટિયુગ્મં પ્રસન્નમ્" એવી સુંદર પ્રતિમાજીને બનાવી પોતાનું જીવન ધન્ય બનાવ્યું.

સં. ૨૦૧૭ના ફાગણ વદ ૭ ને પ્રભુજીને અષ્ટાદશ અભિષેક-પૂજા વગેરે કરાવી આશાતનાનું નિવારણ કરવામાં આવ્યું.

આ બધી ધમાલમાં શ્વેતાંબર તીર્થની પેઢીને ખૂબ જ નુકસાન, મનસ્તાપ વિગેરે સહન કરવો પડયો. જેની ભરપાઈ માટે પેઢી તરફથી નુકસાન-ભરપાઈના

એ દાવાઓ વાશિમની કોર્ટમાં માંડવામાં આવેલા. જે સ્પેશીઅલ સિવ્હીલ સુટ નં. ૨/૬૧ અને ૩/૬૧ તરીકે ૨૧ પ્રતિવાદી દિગંબરોના વિરુદ્ધમાં નોંધવામાં આવેલા હતા. એ દાવાઓનો, ન્યાયાધીશ શ્રી પી. એ. દેશમુખ સાહેબ સિ. જ. (સિ. ડિ.) એ તા. ૩૦–૯–૭૮ના રોજ ચુકાદો આપતા કહ્યું છે કે,

"Thus there is strong material to show that defendants (Digambaries) took undue interest in the prosecution against the said Harakchand and others (Shwetambaries). Then there is ample evidance to show that probably that prosecution was launched by some of the defendant (Digambaries) maliciously and without a reasonable and probable cause."

આ બન્ને કેસોમાં કોર્ટે દિગંબરોના પુરાવાદારો ઉપર જરાયે ભરોસો રાખ્યો નથી એટલું જ નહિ પણ ઠેકઠેકાણે દિગંબરીઓના ખોટા આશયનો રદીઓ આપતા રિમાર્ક મારેલા છે તે નીચે મુજબના છે :

"The suspicion which was in the minds of the defendants (Digambaries), about the motive of the Shwetambaries, was **false, baseless and unreasonable.**"

"There is sufficient material on record to show that the defendants were **not justified** in making allegation of defilement and that their action amounted to tort."

"It appears to me that the faith of Defendants (Digambaries), that the Idol is in complete naked form is **only Sentimental and without possitive proof.**"

"This state of affairs is sufficient to establish **malicious intentions** on the part of the conspirators in making the said tortious acts against the plaintiff (Shwetambaries). The object of the conspirators (Digambaries) in doing so was to **harrass** the plaintiffs' employees in order to **prevent them in excercising their right** and in their rightful management of the sacred Idol and its plastering."

આવા રિમાર્કો મારીને કોર્ટે રૂ. ૬૦૦૦/– છ હજાર નુકસાન–ભરપાઈ તરીકે દિગંબરોના ૨૧ પ્રતિવાદીઓમાંથી ૫ જણાને દોષિત ઠરાવી તેમની પાસેથી શ્વેતાંબરોને અપાવ્યા છે. જે ચુકાદો પણ તેમની વિરૂદ્ધમાં જ છે.

## બીજા પણ કેટલાક ચુકાદાઓ

**સન ૧૯૩૦** માં દિગંબરોએ કોર્ટમાં શ્વેતાંબરો વિરૂદ્ધમાં Temporary injunction (મનાઈ હુકમ) નવું બાંધકામ નહિ કરવા માટે મેળવવા માટે એક અરજી દાખલ કરી, જેનો ચુકાદો તા. ૧૮-૬-૩૦ ના આવ્યો. જે ચુકાદામાં દિગંબરોની માંગણી કોર્ટે સ્વીકારી નહિ અને પોતે જ આપેલો પ્રથમનો મનાઈ હુકમ પાછો ખેંચી લીધો.

જેના ઉપર તેઓએ એડિ. જ્યુ. કમિશનરની કોર્ટમાં ફર્સ્ટ અપીલ નં. **૩૯ બી** of ૩૦ની દાખલ કરી જેનો નિકાલ પણ દિગંબરોની વિરૂદ્ધમાં આવ્યો અને ખરચ સાથે અપીલ રદ થઈ.

સન ૧૯૩૨માં ફરીથી શ્વેતાંબરો મંદિરના સ્વરૂપમાં ફેરફાર કરે છે તેને મનાઈ કરવા માટે તત્પુરતો મનાઈ હુકમ મેળવવા માટે તા. ૯ જુલાઈ ૧૯૩૨માં તેમણે એક અરજી **A. DJ.** અકોલાની કોર્ટમાં નં. **મિ. સી. નં ૨૨/૩૨ની** કરી. જેનો ફેંસલો ૨૭-૧-૩૩ ના રોજ આવ્યો અને દિગંબરો આવો મનાઈ હુકમ માગવા હકદાર નથી, એમ કહી કોર્ટે ખરચ સાથે અરજી રદ કરી.

આ ચુકાદાની વિરૂદ્ધમાં તેઓએ ફરીથી નાગપુરની એડિ. જ્યુ. કમિશનરની કોર્ટમાં રિવ્હીજન અરજી નં C. R. No. 211-B/33 ની કરી. જે પણ જસ્ટીસ પોલક સાહેબે દિગંબરોની વિરૂદ્ધમાં ચુકાદો આપી ખરચ સાથે રદ કરી.

સન ૧૯૩૫માં વાશિમની સબ ડિવ્હીજનલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં એક ફોજદારી કેસ આપણે દાખલ કર્યો. જેમાં કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે,

"What we thus find in this case is that Shwetambaries commenced an act which they had a right to do."

તેથી દિગંબરોને દંડની સજા કરવામાં આવી.

કોર્ટના આ ચુકાદા ઉપર દિગંબરોએ સેશન્સ જજ અકોલાની કોર્ટમાં **ક્રિ. સી. નં ૯૫/૩૫ની** અપીલ દાખલ કરી. તેનો ચુકાદો આપતાં કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે,

"Shwetambaries are admittedly in possesion of the temple property in Their right of exclusive management."

એમ કહી તે અપીલ ડીસમીસ કરી.

એક વખત શ્વેતાંબર વ્યવસ્થાપકો મંદિરમાં રિપેર કામ કરાવતા હતા અને ધર્મશાળા બંધાવતા હતા, ત્યારે દિગંબરોએ ખોટી રીતે અવરોધ કર્યો. તેમાંથી

D. D. M. વાશિમની કોર્ટમાં Cr. C. No. 8/36 નો કેસ દાખલ કરવામાં આવ્યો.

જેના ચુકાદામાં મેજિસ્ટ્રેટ સાહેબે કહ્યું છે કે—

"I hold, therefore, that primafacie the Shwetambaries are entitled to build Dharmshala and Digambaries are not entitled to obstruct the work by any means whether peaceful or ortherwise."

"I also hold that Digambaries have been forcibly obstructing the work," hence were ordered to execute the bond is this case."

આ ઓર્ડર ઉપર દિગંબરોએ ક્રિ. રિ. નં. ૨૦૬/૩૭ની અરજી દાખલ કરી જે પણ ડીસમીસ કરવામાં આવી હતી.

ત્યાર પછી સન ૧૯૪૦માં શ્વેતાંબરોએ, (૧) મંદિરમાં એક બાકોરું (બારી) ખોલી. (૨) મંદિરના ઘંટની જગ્યા બદલી કે ઘંટ કાઢી નાખ્યો. (૩) ભગવાનની પાછળની ચાંદીની પ્રભાવળ કઢાવી નાખી વિગેરે કારણો માટે ફર્સ્ટ અસિ. ડિ. જજ અકોલાની કોર્ટમાં દિગંબરોએ ફરીથી, કેસ દાખલ કર્યો. જેનું જજમેન્ટ આપતાં કોર્ટ મહાશયે ચોખ્ખી રીતે કહ્યું છે કે,

"My conclusion then, is that the expression with all its implications, does not mean or include a claim to worship the image with its settings and surroundings."

"Under these circumstances, I am clearly of the opinion that these acts in Question have not in any way, interfered with the right of worship."

"The matter about the alterations in the temple building is one, which in my opinion, does not pertain to a right of worship. Therefore I hold that it does not amount to an interferance in the right of worship."

ઉપર પ્રમાણે કહીને કોર્ટે તેમનો કેસ ડીસમીસ કર્યો. આ ઓર્ડર ઉપર દિગંબરોએ ફરીથી નાગપુરની હાઈકોર્ટમાં F. A. No. 287 of 44ની અપીલ દાખલ કરી જેનો ચુકાદો તા. ૮-૭-૪૭ના રોજ આપતાં નામદાર હાઈકોર્ટે તેમની આ અપીલ પણ રદ કરતાં કહ્યું છે કે,—

"The Digambaries appeared to me have been generally litigating for the sake of litigation and there is no reason why they should not pay the cost of the other side if the decision goes against them."

આ ઉપર જણાવ્યા મુજબ લગભગ દરેક કોર્ટમાં અને દરેક કેસમાં હારી ગયા પછી અને Competant (યોગ્ય) કોર્ટોના છેલ્લા ચુકાદાઓ પછી પણ દિગંબરો કયા મોઢાથી નવા નવા હક્કો મેળવવાની આશા રાખે છે તે સમજાતું નથી.

**પણ હાર્યો જુગારી બમણું રમે છે, એ ન્યાયે દિગંબરોએ** પણ છેલ્લો મોટો દાવ લગાવ્યો છે અને વાશિમની એકદમ નીચલી કોર્ટમાં પ્રિવ્હી-કાઉન્સીલ જેવા સર્વોચ્ચ ન્યાયાલયનો ચુકાદો રદબાતલ કરાવવાની પેરવી રચી છે. જે દાવાનો નં. ૨૮૮/૬૦ એવો હોઈ આ દાવામાં નીચે મુજબ મુખ્ય માંગણીઓ કરેલ છે.

(૧) મૂર્ત્તિ અને મંદિર દિગંબરી છે.

(૨) ત્યાંની વ્યવસ્થા કરવાનો દિગંબરો એકલાને જ હક છે.

(૩) પ્રિવ્હી કાઉન્સીલની ડીક્રી શ્વેતાંબરોએ વસ્તુસ્થિતિને છુપાવીને મેળવેલી છે તેથી તે રદ કરવામાં આવવી જોઈએ.

(૪) શ્વેતાંબરો પાસેથી મંદિરની મિલકતનો કબજો મળવો.

(૫) હિસાબ અને જંગમ મિલકત મળવી; વિગેરે કુલ ૧૮ માંગણીઓને આ રીતે જૂની જ વાતોનું પુનરુચ્ચારણ કરી માગવામાં આવી છે.

**આ બધા ધમપછાડા શા માટે ?**

ન્યાય કોર્ટોમાં ફાવટ આવતી નથી, એટલે હવે બીજા આડાઅવળા રીત રીવાજનો અમલ કરવા માટે આ ૨૮૮/૬૦નો દાવો કામમાં આવે છે. તેની મજબુતી માટે દરેક રીતે ખોટો પ્રચાર કરવો, શ્વેતાંબર વ્યવસ્થાપકોને કાયદો હાથમાં લઈ ત્રાસ પમાડવો, નવા નવા પુરાવાઓ ઊભા કરવા અને આપણા જૂના જૂના પુરાવાઓ નષ્ટ કરવાનો ઉપદ્રવ ચાલુ કરેલ છે. સન ૧૯૬૦ થી ૬૫ સુધીમાં આ કરવામાં પણ તેઓ વધુ ફાવી શક્યા નહિ.

પણ ૧૯૬૫માં જ્યારે મહારાષ્ટ્ર રાજ્યના મંત્રીમંડળમાં ફેરફાર થયો અને મહારાષ્ટ્ર રાજ્યની ધુરા વરાડના એક મંત્રી મહાશયના હાથમાં આવી, ત્યારે તેનો લાભ લેવા દિગંબરીઓ લલચાયા, અને મંત્રી મહોદય અને તેમના મોટા ભાઈની પાસે તદ્દન જૂઠી વાતો રજુ કરી અને શ્વેતામ્બરીઓ જ તેમના ઉપર જુલમ કરે છે એવું ભાસમાન કર્યું અને તેઓ મહાશયો પણ આપણી સાચી વાત જાણ્યા વગર તેમના રોજના સંબંધોથી તેમને મદદ કરવા પેરાઈને તેમને સહાયભૂત થવા લાગ્યા. તેથી દિગંબરીઓના આક્રમણોનું જોર વધ્યું. અધિકારી વર્ગને પણ તેમના તરફથી આદેશો મળતા તેથી આપણા ઉપરના જુલમ-જબરદસ્તીને તેમના તરફથી

આડકતરી રીતે પ્રોત્સાહન પણ મળી જતું હતું. અધિકારીઓ પણ પોતાની લાચારી બતાવી તેમના કહેવા મુજબ વર્તતા અને સાચું ખોટું જાણવાની દરકાર કરતા નહિ. એટલું જ નહિ પણ તેઓ એમ પણ કહેતા કે "અમો જાણીએ છીએ કે તમારો કેસ સાચો છે પણ સત્તા આગળ અમારું શાણપણુ નકામું છે. એ સત્ય હકીકત છે."

આ રીતે કાયદેસરના મેળવેલા ન્યાય કોર્ટના ચુકાદાઓનું અને હુકમોનું હડહડતું અપમાન કરીને, કાયદાના બંધનો ફગાવી દઇને, દિગંબર ભાઈઓએ આ તીર્થક્ષેત્રમાં આ મૂર્ત્તિ-મંદિર અને મિલકતની વ્યવસ્થા સંબંધમાં જેટલા હક્કો છે તેના ઉપરવટ થઈને, જે અન્યાયો કરેલા છે તેની યાદી કરવા બેસીએ તો ઘણા પાના ભરાઈ જાય. તે દરેક અન્યાયની આપણે શિરપુરના પોલિસ સ્ટેશનમાં નોંધ કરાવી છે. લગભગ ૧૫૦ થી ઉપર આવી ફરિયાદો નોંધાએલી છે. પણ આશ્ચર્યની અને દુઃખની વાત એ છે કે તે ફરિયાદોને સ્થાનિક પોલીસ ઓફિસરોએ દાદ આપી નથી. ઉલટાનું દિગંબરીઓનો જ પક્ષ લઈ આપણા લોકોને જ તકલીફમાં મૂકયા છે.

### દિગંબરીઓના અન્યાયી આક્રમણો

(૧) આ તીર્થ મંદિરમાં ઠેર ઠેર નવી દિગંબરી પ્રતિમાઓ લાવીને ગોઠવી દીધી છે.

(૨) ભગવાન શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્વામીના ઉપરનું વર્ષો જુનું સંસ્થાનનું ચાંદીનું છત્ર બળજબરીથી કાઢી ત્યાં દિગંબર નામવાળું છત્ર તા. ૩-૧૧-૬૭ ના રોજ ગોઠવ્યું છે.

(૩) મંદિરમાં અને ઉપર પેઢીના તથા જેટલી વધારેમાં વધારે જગ્યા રોકાય તેટલી રોકવા માટે અનેક દિગંબરી નામવાળી વસ્તુઓ, કબાટો, પેટીઓ, ફર્નિચર આદિ લાવીને બળજબરીથી ગોઠવી દીધા છે.

(૪) મંદિરમાં ઠેકઠેકાણે 'દિગંબર વેદી', 'દિગંબર જૈન અતિશય ક્ષેત્ર' 'દિગંબરી ધર્મશાળા', 'દિગંબર સંસ્થાન.' અને સ્વસ્તિકના ચિન્હો લાલ પેનથી ચિતરેલા છે. જેથી મંદિર દિગંબરી છે એવો દેખાવ ઊભો થાય.

(૫) તા. ૫-૪-૬૭ ના રોજ બસો-ત્રણસો માણસો અને ગુંડાઓ સાથે રાતે દોઢ વાગે આવી આપણી જુની ધર્મશાળામાં તોફાન મચાવી આપણો સરસામાન બહાર ફેંકાવી દઈ અને આપણા માણસો-કર્મચારીઓને મારનો ભય બતાવી ત્યાં પોતાનો અડ્ડો જમાવ્યો છે.

(૬) મંદિરના બહારના ચોગાનમાં આપણા સંસ્થાને વેચાતી લીધેલી જગ્યાઓ ઉપર મંડપ નખાવી ત્યાં ભગવાનની મૂર્તિઓ પધરાવી તે જગ્યા પચાવી પાડવાની કોશિશ કરેલ છે.

(૭) આપણી માતા પદ્માવતી દેવીની આપણે પૂર્વાપરથી પૂજા કરતા આવ્યા છીએ. તે આપણા રિવાજની અવગણના કરી પદ્માવતી માતાની પ્રતિમાજીને મૂળ જગ્યા ઉપરથી ફેરવે છે અને શ્વેતાંબર યાત્રીઓને પૂજા કરતા રોકે છે. ધક્કામુક્કી કરે છે. ધમકાવે છે. એટલું જ નહિ પણ આપણા સંસ્થાના સેક્રેટરી શ્રી કાંતિભાઈ પોતાના પત્ની તથા માતાની સાથે તા. ૨૭–૧૨–૬૬ના રોજ પદ્માવતી માતાની પૂજા કરવા જતાં ગભારામાં જ તેમના ઉપર પિત્તળની દીવી (સપઈ) ઉપાડી ધસી ગયા અને મારવાનો પ્રયત્ન કર્યો. શાસનદેવની કૃપાથી તેઓ ત્યારે બચી ગયા.

(૮) ગભારામાં આપણા પૂજાના ટાઈમમાં અનેક દિગંબરી સ્ત્રી–પુરૂષોને જાણી જોઈને ભેગા કરી આપણી પૂજામાં મોડું કરવું, ખલેલ પહોંચાડવી, અને અવરોધ ઊભો કરવાનો તેઓ રોજ પ્રયત્ન કરે છે.

(૯) પેઢી ઉપર તથા મંદિરમાં અનેક નવા ફોટાઓ અને નામના પાટીયાઓ, બોર્ડો લાવીને બેકાયદેસર રીતે ગોઠવી દીધા છે.

(૧૦) આપણા સંસ્થાનની માલિકીની ગામ બહારની વાડીમાં એક પ્રાચીન પવળી મંદિર છે, તેને પણ ગેરરીતિએ તાળાઓ વિગેરે લગાડી, તેમાં પણ દિગંબર મૂર્તિઓ પધરાવી, તેનું સંપૂર્ણ રીતે બેકાયદેસરનું દિગંબરીકરણ કરવાનો પ્રયત્ન કરેલ છે. અને હવે શ્વેતાંબર યાત્રાઓને ત્યાં જતા–આવતા રોકવામાં આવે છે.

(૧૧) મંદિરના ચોગાનમાં અને મંદિર ઉપર નવી દિગંબરી ધ્વજાઓ નવી નવી રીતે લગાડવાની તેમજ જગ્યાએ જગ્યાએ દિગંબરી તોરણો બંધાવી મંદિરનું દિગંબરીકરણ કરવાનો બાલીશ પ્રયત્ન કરેલ છે.

(૧૨) મંદિરમાં તેમજ બહાર અનધિકારપણે દોરડાઓ બંધાવી શ્વેતાંબર યાત્રીઓને જતા આવતા રોકવામાં આવે છે.

(૧૩) શ્વેતાંબર વ્યવસ્થાપકોને કાંઈ પણ સમારકામ કરવા જતા બળજબરીથી રોકવામાં આવે છે.

આવી આવી તો કેટલીય બીનાઓ છે કે જેની પૂરી નોંધ અત્રે આપવી શક્ય નથી. પણ તાજેતરમાં તેઓએ બે બનાવ બહુ જ ખરાબ રીતે કર્યા છે. અને ફરી એકવાર દિગંબરોના આંધળા ઝનૂને અંતરીક્ષજીના આંગણામાં કુરુક્ષેત્ર ખડું કરી દીધું છે. તેની હકીકત સકળ સંઘે જાણવા–વિચારવા જેવી છે.

(૧૪) તા. ૧૬–૭–૭૯ના સવારે ૯ થી ૧૨ ના સમયમાં દિગંબરોએ આપણી ધાર્મિક ભાવનાઓ દુભાય એ રીતે પ્રભુના અંગભૂત કંદોરાનો ભાગ **ફરીથી** કોઈ હથિયાર વડે ખોદી કાઢયો છે. જેનું સ્વરૂપ ભયંકર ગુન્હાનું હોવા છતાં તે ઉપર રિપોર્ટ કર્યા છતાં કોઈ પગલાં (Action) લેવાયેલ નથી.

(૧૫) તેમજ તા. ૨૫–૮–૭૯ ના રોજ આપણી સખ્ત મનાઇ હોવા છતાં મંદિરના ચોગાનની ખુલ્લી જગ્યા ઉપર એક પાકા સ્વરૂપનો શેડ ઊભો કરી એકાયદેસરનું આક્રમણ સ્થાનિક પોલીસોની મદદથી કરેલ છે, જેની વિરૂદ્ધની ફરીઆદ પણ ધ્યાનમાં લેવામાં આવેલ નથી.

(૧૬) મંદિરમાંથી આપણા પુરાવાઓ નષ્ટ કરવાની કારવાઈ રૂપે શ્રી પદ્માવતીદેવીની ચાંદીની આંગી ઉઠાવીને લઇ ગયા છે.

(૧૭) તેમજ શ્રી માણીભદ્રજીના સ્થાન ઉપર ટિંગાવેલા ચાંદીના શ્રીફળ પણ એ જ રીતે ગુમ કરાવાયા છે.

(૧૮) મંદિરમાં રોજ પુજાતા એવા ચાંદીના શ્રી સિદ્ધચક્રજીનો મોટો ગટ્ટો, જે ભગવાનની સામે હંમેશ રહેતો હતો તે પણ ત્યાંથી તેમના પૂજાના સમયમાં ગાયબ કરાવવામાં આવ્યો છે. આ અને આવું બધું ઘણું કરાવવાની પાછળ ચોક્કસ રીતે કાવત્રું રચાયેલું છે, એમાં જરાપણ શંકા નથી. અને બધું ૨૮૮/૬૦ ના દાવાને પુષ્ટિ આપવામાં કામ આવશે એવી તેમની માન્યતા હોય તેમાં કાંઈ નવાઈ જેવું પણ નથી.

## જોહુકમીનો અસલ નમૂનો

તા. ૧૦–૨–૮૦ ના રોજ રાતના ૮ા વાગે દિગંબરો ૨૦–૨૫ ની સંખ્યામાં આપણા શ્રી નૂતન વિઘ્નહર પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિરમાં ઘુસીને બેઠા અને આપણા કર્મચારીઓ તથા વ્યવસ્થાપકો સાથે ધમાલ કરી મંદિર બંધ ન કરવા દીધું અને દાદાગીરી કરી આપણા માણસો તથા મુનિમજીને માર માર્યો. કેવી ગુંડાગીરી! જેની ફરીઆદ આપણે જ્યુડિશીયલ મેજેસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ વાશીમની કોર્ટમાં ૧૫ દિગંબરીઓની વિરુદ્ધમાં તા. ૨૧–૨–૮૦ ના રોજ દાખલ કરેલ છે જેની ચોકશીની તારીખ ૨૯–૧૦–૮૦ નિમાએલી છે.

ભગવાન ઉપરનું છત્ર બદલવા જતાં અને ભગવાનની ઉપર "શ્રી દિગંબર અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન" એવું લખાણ લખવાના દિગંબરોના બેકાયદેસરના પ્રયાસ સામે પ્રતિકાર કરવા જતા અનિચ્છનીય બનાવ બનવા પામ્યો હતો. સેંકડોની સંખ્યામાં દિગંબર ભાઈ–બહેનોએ મંદિરમાં જમાવટ કરી આ કૃત્ય કરવાનું ચાલુ કર્યું હતું ત્યારે શ્વેતાંબર વ્યવસ્થાપકો તરફથી કર્મચારીઓએ તે કૃત્યનો

સખત પ્રતિકાર કર્યો હતો, જેમાંથી આપણા કર્મચારીઓ ઉપર દિગંબરો તૂટી પડયા હતા. ત્યારે જાન બચાવવા માટે સ્વરક્ષણ અર્થે આપણા કર્મચારીઓએ પણ બળનો ઉપયોગ કર્યો હતો જેમાંથી બન્ને પક્ષના ભાઈઓ ઘાયલ થયા હતા. હંમેશ મુજબ પોલીસોએ દિગંબરોને આક્રમક નહિ ગણતાં આપણા જ માણસો ઉપર કેસ દાખલ કર્યો હતો જેમાં તેઓને સજા પણ થઈ હતી.

આ તોફાનના બનાવો પછી શ્વેતાંબર સંઘોમાં ખૂબ જ ખળભળાટ મચી ગયો હતો. અને દિગંબરોમાં ખોટા પ્રચારનું ખૂબ જોર વધી ગયું હતું. જેથી આપણા કાર્યકર ભાઈઓ ચિંતાતુર બની ગયા હતા. મુંબઈથી આગેવાન ભાઈઓ દોડી આવ્યા હતા. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શેઠશ્રી આણંદજી કલ્યાણજીની અખિલ ભારતની શ્વેતાંબર સંઘની પ્રતિનિધિક પેઢી. તથા આપણા પૂજ્ય આચાર્ય ભગવંતો, પંન્યાસજી ભગવંતો આદિ મુનિમહાત્માઓને શ્રી અંતરીક્ષજીમાં થતા અન્યાયી આક્રમણોની જાણ કરવામાં આવી હતી. પરિણામસ્વરૂપ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય-મંત્રીમહાશયને તા. ૧૪ માર્ચ ૧૯૬૮ અને તા. ૧૩ ઓગસ્ટ ૧૯૬૯ના રોજ એવા બે નિવેદનો પાઠવીને સાચી હકીકતથી વાકેફ કરી ન્યાયી હુકમની માંગણી કરી હતી. તેમજ શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીના પ્રમુખપણા નીચે અખિલ ભારતીય તીર્થરક્ષા સમિતની સ્થાપના કરવામાં આવતાં ઘણા ભાઈઓએ તન, મન અને ધનથી તીર્થરક્ષા કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી.

## શાંતતા કમિટીની સ્થાપના

બે સંપ્રદાયો વચ્ચેના ઘર્ષણો ખૂબજ વધી જવાથી વાતાવરણ ખૂબ જ તપી ગએલું હતું, તેથી મુખ્ય મંત્રી મહાશયના ભાઈશ્રી બાબાસાહેબ નાઈક સાહેબની સૂચનાથી બન્ને સંપ્રદાયોની સંમતિપૂર્વક પાંચ પંચોની એક શાંતતા કમિટી અકોલામાં ભેગી થયેલી મિટીંગમાં નક્કી કરવામાં આવી હતી, જે કમિટીનું કામ (૧) ઝઘડાના મુખ્ય મુદ્દાઓ અને કારણો શોધવા, (૨) તે ઝઘડાના નિરાકરણ માટે માર્ગો સૂચવવા, જેથી બન્ને વચ્ચેના સંબંધો સારા રહી શકે—એ હતું. આ પંચકમિટીના પ્રમુખ પણ શ્રી બાબાસાહેબ નાઈક જ હતા.

આ પંચકમિટીએ તા. ૧૭–૧૦–૬૯ના રોજ અને તે પહેલાં પણ ૧–૨ વખત શિરપુરના દેવસ્થાનની મુલાકત લઈ જે જોયું અને જાણ્યું તેનો લેખિત અહેવાલ તા. ૧૦–૧૧–૬૯ના રોજ સેક્રેટરી ટુ હોમ ડિપાર્ટમેન્ટને સાદર કરેલો છે.

## પંચ કમિટીનો રિપોર્ટ પણ દિગંબરીઓની વિરૂદ્ધમાં

એ રિપોર્ટમાં કહ્યું છે કે,

"It is glaringly clear from the atmosphere seen there that the entthusiasts of Digambari sect are making frantic efforts to ocupy every spot by placing new articals, Idols, and naming Them as "Digambari sansthan." Of course, in our opinion, it is contrary to the judgement of the highest judicial authorities.

" અમને અહીંનું વાતાવરણ જોતાં એવું સ્પષ્ટપણે જણાયું છે કે દિગંબર સંપ્રદાયના લોકોએ મંદિરમાંની એકેએક જગ્યાએ નવી નવી વસ્તુઓ, મૂર્તિઓ મૂકીને અને તેને દિગંબર સંસ્થાનું નામ આપીને રોકવાનો અજબ પ્રયાસ કરેલો છે, જે અમારા માનવા મુજબ સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાઓની તદ્દન વિરુદ્ધ છે."

આ રિપોર્ટ અને શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ સુપ્રત કરેલા નિવેદનો અને તીર્થકમિટીના કાર્યકરોની મહારાષ્ટ્ર સરકારને તેમના કાયદા ખાતા મારફત બન્ને પક્ષોના હક્કોની ચકાસણી કરવાની ખુલ્લી ઓફરના પરિણામસ્વરૂપ મહારાષ્ટ્ર સરકારના કાયદાખાતાએ (Law Department) બન્ને પક્ષોનું કહેવું સાંભળ્યા પછી તા. ૧૮–૧૦–૬૯ના રોજ પોતે જ નીચે મુજબ હુકમ આપેલો જેથી શ્વેતાંબરોના હક્કનું સંરક્ષણ કરવાની જવાબદારી સરકારે સ્વીકારી હતી.

જે પત્રની નકલ વાચકોની જાણ માટે જેવી ને તેવી જ નીચે આપવામાં આવે છે :

No SB/I/DIS/1262/20/99
Home Department (Special)
Sachivalaya, Bombay–32
18th October–1969.

From, : The Deputy secretary to the Government of Maharashtra, Home Department.

To, : Shri Kasturbhai Lalbhai,
on behalf of Shri Jain Shwetambari Murtipujak Sangh of India, Pankornaka,
Ahmedabad.

Subject: Disputes between Digambari & Shwetambari Jains relating to the temple of Shri Antariksha Parshwnath Sansthan at Shirpur, Disrict Akola.

Sir,

I am directed to refer to your latter dated 13th August 1969, on the subject noted above, and to state that **Government considers that the dispute between the two sects of Jains been finally settled by the decisions of the judicial Commissioner, Central Provinces, in 1923 and the Privy Council in 1929, and the High Court, Nagpur Branch in its judgement dated 6th April, 1966, in civil Revision Application No. 351 of 1964,** having held that these decisions would stand until they are set aside in accordance with law, the rights accruing to the two sects in accordance with **these decisions should be upheld and protection afforded for enforcing the rights and preventing any thing being done contrary to these rights.** Government is of the view that the rights of the respective sects should be upheld and steps taken to uphold the said rights till the decisions are modified in due course of law, the District Magistrate, **Akola, has been** asked to take action accordingly.

Yours faithfully
Sd/. K.N. Goray.
Deputy secretary to
the Govt. of Maharashtra
Home Department.

મહરાષ્ટ્ર રાજ્યના ગૃહ ખાતા સાથે આ અંગે ઘણો જ લાંબો પત્રવ્યવહાર થયેલ છે. અને શેઠ શ્રી કસ્તુરભાઈના પ્રયત્નો અને આપણી સત્ય હકીકતની રજુઆતના કારણે ઉપર મુજબનો તા. ૧૮–૧૦–૬૯નો મહારાષ્ટ્ર સરકારના ગૃહ વિભાગનો પત્ર મળ્યો છે, જેમાં જણાવેલું છે કે, "તેઓ શ્વેતાંબરોને પ્રિવ્હી કાઉન્સીલ તથા અન્ય કોર્ટોના ચુકાદાઓથી મળેલા હક્કો માન્ય રાખે છે. અને એમ માને છે કે શ્વેતાંબરો વચ્ચેના ઝઘડાઓનો આ રીતે તે ચુકાદાઓથી અંત આવેલો છે. અને તે હક્કો જ્યાં સુધી યોગ્ય કોર્ટો મારફત ફેરવાયા નથી ત્યાં સુધી બરાબર અમલમાં આવવા જ જોઈએ અને તે અમલમાં મુકવા માટે સરકારે સંરક્ષણ આપવું જોઈએ. અને આ હક્કોથી વિપરીત કાંઈ પણ ન થવું જોઈએ. તે જોવાની સૂચના અકોલાના જિલ્લા મેજેસ્ટ્રેટને આપવામાં આવી છે."

અમારા જાણવા પ્રમાણે મહારાષ્ટ્ર રાજ્યના ગૃહ ખાતા તરફથી અને લૉ ડીપાર્ટમેન્ટ તરફથી સ્પષ્ટ આદેશ મળ્યા પછી નામદાર મુખ્ય મંત્રી મહાશયે તથા

તેમના જ્યેષ્ટ બંધુ શ્રી બાબા સાહેબ નાયકે પણ દિગંબરોને તેઓએ અત્યાર સુધી કરેલા આક્રમણોને પોતે જ હટાવી લેવાની વારંવાર ભલામણ કરી હતી, એટલું જ નહિ કિન્તુ આગ્રહ પણ રાખ્યો હતો.

## પણ આ કડવી દવા તેમના ગળે ન ઉતરી

અને અત્યાર સુધી તેમને સહકાર આપનાર ઉપકારીઓનું પણ અપમાન કરતા દિગંબરીઓ જરાક પણ સમજ્યા નથી. તેમની પણ તેઓએ કિંમત ગણી નથી. અને પોતાની જોહુકમી ધૃષ્ટતાપૂર્વક ચાલુ જ રાખી છે તે ઉપરના બનાવો ઉપરથી સહેજે ખ્યાલમાં આવી શકે છે. અને હવે પૈસાના જોરે અને બહુમતીના જોરે ન્યાય મેળવવાની તમન્ના તેમને જાગી છે એવું સ્પષ્ટ જણાય છે.

લંડનમાં મળેલી હારનો બદલો વાશીમની કોર્ટમાંથી મેળવવાના ઠગારા લોભે જ દિગંબરોએ આગળ વધતા રહી પોતાનું પોત પ્રકાસ્યું હોય અને દાવામાં પોતાની વહારે થાય એવા ખોટા પુરાવાઓ ઊભા કરવા જ એમણે અંતરીક્ષજીને ફરી એકવાર લડાઈનું મેદાન બનાવ્યું છે એ સહેજે સિદ્ધ થાય છે.

## આક્રમણોના છાંટા બીજા તીર્થો ઉપર

મહારાષ્ટ્રના શેત્રુંજય તરીકે પ્રસિદ્ધ એવા શ્રી કુંભોજગિરિ તીર્થ અને નિપાણી શહેરના પ્રાચીન જિનાલયમાં પણ આક્રમક બનીને, શ્વેતાંબરોની શાંતિપ્રિયતાનો જુદો અર્થ કરી તેમની શક્તિને થકવી નાખવાની ચાલ પણ સ્પષ્ટ સમજી જવાય એવી છે.

શ્વેતાંબર તીર્થો ઉપર દિગંબરોનો આવો હસ્તક્ષેપ આમ તો પ્રાચીન કાળથી ચાલતો આવેલો છે. શ્રી બપ્પભટ્ટસૂરિજી અને શ્રી પેથડશાહ મંત્રીનો ઈતિહાસ એની સાક્ષી પૂરે છે.

પરંતુ વર્તમાન કાળમાં આ હસ્તક્ષેપે હદ વટાવી દીધી છે, જેના દાખલાઓ-પાવાપુરી, સમ્મેતશિખરજી, મક્ષિજી, કેશરીયાજી આદિ તીર્થોમાં સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. ત્યાં પણ વર્ષોથી ઝઘડાઓ ચાલુ રાખવામાં આવ્યા છે, અને નવી નવી જમાવટ કરવાના દિગંબરોના પ્રયાસો અંખડ રીતે ચાલુ છે.

## "મારું એ મારું અને તારું એ મારા બાપનું"

પોતાનું મનમાન્યું કરવામાં, ઝનુને ચઢેલા દિગંબરીઓ, ન્યાય-અન્યાય કશું જોતાં નથી. આમ ઐતિહાસિકતા, સત્ય, ન્યાય અને અદાલતોના ચુકાદાઓ આપણા પક્ષે હોવા છતાં દિગંબરો ઉપરવટ જઈ કાયદાને હાથવગો કરવાની ધિટ્ટાઈ

કરતા આવ્યા છે અને છેલ્લા ૭-૮ વર્ષોથી માત્ર સંખ્યાબળ તેમજ ગુંડાગીરીને આધાર લઈ એ લોકોએ જે આક્રમણો કર્યા છે અને હજુ જોહુકમીનો દંડો એ લોકો ફાવે તેમ વીંઝી રહ્યાં છે, એ કાયદાનું અને કોર્ટનું છડેચોક અપમાન તો છે જ, પણ એક માનવતા જેવા સામાન્ય ગુણ પર પણ એ અન્યાયી આક્રમણ કાળા કલંકને કુચડો ફેરવી જાય એવું છે.

## આમ લડતા રહેવાથી બન્ને પક્ષને શું નુકસાન નથી ?

(૧) જૈન ધર્મના આટલા ઊંચા તત્ત્વોનો વારસો મળેલ હોવા છતાં આપસમાં ઝઘડતા રહેવું એ ધર્મતત્ત્વોના હાર્દથી વિરૂદ્ધ અને લાંછનપ્રદ છે.

(૨) બન્ને પક્ષો, લાખો રૂપિયા, સમય અને શક્તિનો નિરર્થક અપવ્યય કરે છે. વિધાયક અને શાસન પ્રભાવક કાર્યોના બદલામાં, સંઘર્ષોના નિવારણમાં જ તેઓની શક્તિ ખરચાય છે.

(૩) ગાય દોહીને કુતરીને દૂધ પાવા જેવી બન્ને સંઘોની સ્થિતિ છે. લાખો રૂપિયા ભેગા થાય અને કોર્ટ, કચેરી, સરકારી ઓફીસરો, વકીલો, કારકુનો વિગેરે લડતના કામો પાછળ વેડફાઈ જાય છે એ દેખીતી રીતે અનુચિત છે.

(૪) એક જ ધર્મના બે સંઘો વચ્ચે પરસ્પરમાં ભ્રાતૃભાવ નષ્ટ થઈ નકામું વેરઝેર વધે છે. એક બીજા તરફ સમભાવ આવવાથી આત્મિક પરિણામની ધાર (લેશ્યા) પણ બગડે છે એ કોઈ રીતે ઈચ્છનીય તો નથી જ.

(૫) ભગવાન મહાવીરદેવના ધર્મના નામે એક બીજા સાથે લડે એ શું આપણને છાજે એવી વાત છે ?

## આપસમાં સમાધાનના પ્રયાસો

આ બધું ટાળવાના ઉપાય રૂપે આપણા જૈન શ્વે. મૂ. સંઘની શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈને આ સમગ્ર પ્રશ્નનું નિરાકરણ કરવાનું સંપૂર્ણ રીતે સોંપવામાં આવેલું. તેઓશ્રીએ અનેક રીતે અનેક વખતે આ દિગંબર ભાઈઓના આગેવાન પ્રમુખો સાથે વાટાઘાટ કરી અને સામેથી ઉપાયો સૂચવ્યા તેમજ શ્રીમાન કસ્તુરભાઈએ કરેલા પ્રયત્નો સિવાયના પણ અનેક પ્રયત્નો આ પ્રશ્નના શાંતિમય ઉકેલ માટે આપણા તરફથી અનેક વાર કરવામાં આવ્યા છે. નામદાર સરકાર આગળ પણ, દિંગબરોના કોઈ પણ પ્રશ્નો, આપણા સ્થાપિત હક્કોને બાધ ન આવે, તેવી રીતે, વિચાર કરવા અંગેની આપણે અનેક વાર તૈયારી બતાવી છે. પણ દુરાગ્રહી અને હઠાગ્રહી વલણ ધરાવતા દિંગબંર આગે-

વાનોએ ખોટી રીતે પકડી રાખવાથી તેનો કોઈ ઉકેલ આવવા દીધો નથી. તેની હકીકત અને વિગત જાણવાથી ઉપરની હકીકતની યથાર્થતા સ્પષ્ટ થઈ શકે છે.

ઉંચા પ્લેટફોર્મ ઉપરથી 'એકતા'ની બાંગ પોકારવાથી કે ઠરાવો અને ભાષણો માત્ર કરીને, હૃદયથી એકતાની ભાવનાને તોડીફોડી નાખનારા આ કાર્યમાં સક્રિય એવું કાંઈ જ કરવાના નથી, ઉલટું તેઓ બળતામાં ઘી હોમે છે. જગતમાં 'અમે જ સાચા' એવું તો બધા જ કહેતા આવ્યા હોય છે, જ્યારે સાચું તો એક પક્ષે જ હોય છે.

અત્યાર સુધીના વર્ષોમાં દિગંબરો એક ઠેકાણે પણ સાચા સાબીત થયા નથી.

અમો માનીએ છીએ કે આપણા જૈન ધર્મના અનેક સંપ્રદાયોમાં આંતરિક શુભેચ્છા અને મૈત્રી ભાવના હોવી જોઈએ અને એ જ હેતુને લક્ષમાં રાખી આજ સુધી દિગંબર સંપ્રદાયના ભાઈઓ તરફથી આ તીર્થમાં અનેકવિધ મુશ્કેલીઓ, ઘર્ષણો તથા હસ્તક્ષેપ ઈત્યાદિ કરવામાં આવ્યા હોવા છતાં આપણે આવી કડવાશથી દૂર રહેવાનો સતત પ્રયત્ન કરેલ છે. એટલું જ નહિ પણ આપણા તરફથી એક પણ પ્રસંગમાં તેઓના હક્કને બાધ આવે એવું કદી પણ બન્યું નથી.

### અમારું દુ:ખ

અમારું દુ:ખ એ છે કે દિગંબર સંપ્રદાયના ભાઈઓ આપણી વેદના અને સત્ય સમજતા નથી તેમ આપણો સાચો કેસ યથાર્થપણે આપણા સમાજના નેતાઓ અને ભાઈઓ પણ સમજ્યા નથી. સ્થાનિક પરિસ્થિતિ, ત્યાં ચાલતી વગ, અસત્ય, અને ગેરસમજથી ઊભી કરેલી જાળથી, આપણા તથા ઈતર બહુજન સમાજ, રાજ્યના મંત્રીઓ અને સરકારી કર્મચારીઓ પણ આપણને અને દિગંબરોને સમાન કક્ષાએ સાચા અથવા ખોટા માનતા હતા. આ છેલ્લાં ૬–૭ વર્ષોથી, વેદના, દુ:ખ અને ભયમાં, દરરોજ નવી નવી યાતનાઓનો સ્થાનિક કાર્યકર્તાઓને સામનો કરવો પડ્યો છે. ખરેખર તો હંમેશાં એકેએક બાબતમાં દિગંબરો આક્રમક રહ્યા છે અને હંમેશ આપણે ન છૂટકે બચાવમાં રહેવું પડ્યું છે. આપણો અને દિગંબરોનો કેસ, તેમણે રજુ કરેલી વિગતો, હકીક્તો-Documents (દસ્તાવેજો–) વિગેરેની તલ:સ્પર્શી છણાવટ ને ચકાસણી થઈ ચુકી છે અને હવે સાબીત થઈ ચુક્યું છે કે તેઓ સાવ ખોટા છે.

### તીર્થરક્ષા ધ્રુવ ફંડની સ્થાપના

દિગંબર જૈનો શ્રી અંતરીક્ષજી, મક્ષિજી, સમ્મેતશિખરજી આદિ તીર્થોના ઉદાહરણો ટાંકીને, પોતાના સમાજમાં શ્વેતાંબર વિરોધી વાતાવરણની જોરદાર હવા જમાવીને લાખોનું ફંડ એકઠું કરી રહ્યા છે. અને એ માટે એમણે "તીર્થરક્ષા

ફ્લ ફંડની સ્થાપના ભારતવ્યાપી ધોરણ ઉપર કરી છે, એમાં એક કરોડ રૂપિયાનું ફંડ એકઠું કરવાનો લક્ષાંક છે અને લગભગ ૭૨ લાખ જેટલું ફંડ તો થઈ પણ ગયું છે. ભલેને તેઓ એક કરોડના બદલામાં દશ કરોડ ભેગા કરે તેમાં અમોને શું હરકત હોય ? પણ સમાજના પૈસા ખોટી રીતે વાપરીને તેઓ પાપ ન બાંધે. આજે તેઓ સંખ્યા, સત્તા, અને પૈસાને બળે રમત રમી રહ્યા છે પણ એમાં એક શુદ્ધ તત્ત્વ ખુટે છે, જે તેના પ્રાણ સમાન છે અને તે છે 'સત્યનો અભાવ.' જે તેમની બધી વાતને મારક ઠરવાનો છે. કાંડીના આધારે કાંઇ સમુદ્ર તરી જવાશે ?

અને...છેલ્લે :

## અમારી અપેક્ષા અને અભિલાષા

શ્વેતાંબર સંઘો માટે માત્ર સ્તબ્ધ બની જવા જેવા આ બધા બનાવો નથી. કેવળ પ્રેક્ષક કે સમીક્ષક બનીને બેસી રહીશું અને જાગશું નહિ તો તેનું પરિણામ શું આવશે તે કહેવું મુશ્કેલ નથી. આ વાતની નોંધ આપણે અનેક રીતે નહિ લઈએ, તો કાલ ઉઠીને આપણે જાગતા જ ઝડપાઈ જઈશું અને અંતરીક્ષજી ઉપરનું આક્રમણ અનેક તીર્થો ઉપર અવતરશે. ઠેર ઠેર દિગંબરીકરણનો પંજો ફેલાવા મથશે અને ત્યારે આપણે માત્ર પ્રેક્ષક પણ નહિ બની શકીએ, કારણ કે એ અત્યાચારોના ભડકાથી આપણી આંખો અંજાઈ ગઈ હશે ! આવું કાંઈ બને એ પહેલાં જ જાગી જઈએ અને જગતને જગાડવાની સાયરન વગાડીએ.

આપણા સંઘના માન્યવર નેતાઓ અને આપ સહુ પાસે પણ અમો એવી અપેક્ષા રાખીએ છીએ કે : આ પ્રશ્નની ગંભીરતા આપ જરૂર લક્ષમાં લો, કારણકે આ તીર્થોમાં આવતાં પરિણામોની બીજા અનેક તીર્થો ઉપર પણ ભવિષ્યમાં મોટી અસર થશે.

આપણે આ પ્રશ્નનો શાંતિમય ઉકેલ લાવવાના પ્રયત્નો કરવા છતાં અને તે અંગે કોઈપણ પ્રકારથી ઝઘડો કરવાની આપણી અનિચ્છા હોવા છતાં આપણને જે વારંવાર ઘર્ષણમાં આવવું પડે છે તેનો કોઈ ઉપાય નથી. દિગંબરો ઉપર દ્વેષબુદ્ધિથી કોઈ પગલાં ભરવાની આમાં હિમાયત નથી પણ આપણી તીર્થ-સમ્પત્તિ ઉપર જ્યારે એ લોકો ખોટી માલિકી ઠોકી બેસાડવા માંગતા હોય ત્યારે આપણી જવાબદારીઓને છોડીને આપણે ભાગી શકીએ તેમ પણ નથી.

માટે અમો આપની પાસે અમારા સત્ય પ્રયત્નોમાં આપ સૌની સહાનુભૂતિ, સહકાર, અને આ તીર્થના ઝઘડાઓની સાચી હકીકત જાણ્યા અને સમજ્યા બાદ તેથી ઉત્પન્ન થતાં વિશ્વાસ સાથે તમારો સક્રિય સહયોગ માંગીએ છીએ.

આ મહત્ત્વના કાર્યમાં રસ ધરાવતા અન્ય કોઈ પણ ભાઈઓને, સંસ્થાઓને અને સંઘોને મદદ માટે અમારું હાર્દિક આમંત્રણ છે.

વિશેષમાં એ પણ જણાવવું જરૂરી છે કે ગયા ૬–૭ વર્ષોમાં આ તીર્થમાં ઊભી થએલી પરિસ્થિતિને પહોંચી વળવામાં સંસ્થાને ઘણુ મોટું ખર્ચ થએલ છે, તે માટે તેમજ આ તીર્થમાં અત્યાર સુધી આપણી બીલકુલ વસ્તી નહીં હોવાના કારણે જ આવી પરિસ્થિતિ બની છે, તેથી પર આવવા માટે શિરપુરમાં નવી વસ્તી કરવાનો તેમજ અત્યાર સુધી થએલા બેકાયદેસરના આક્રમણો હઠાવવાનો અમારો પ્રયત્ન ચાલુ છે. તેમાં દરેક સંઘે તન, મન અને ધનથી સક્રિય મદદ આપવી જોઈએ એવી અમારી નમ્ર વિનંતિ છે.

અંતરીક્ષજી તીર્થ એ શ્વે. મૂ. પૂજકોનું જ તીર્થ છે અને સદાય રહેશે. આપણા એ પ્રાણપ્યારા તીર્થની રક્ષા કરવી એ સૌ કોઈની પવિત્ર ફરજ છે. અમે તે માટે પુરૂષાર્થ અને પ્રયત્નો આદર્યા છે અને પૂ. ગુરુવર્યશ્રીઓના અમોને પૂર્ણ આશીર્વાદ છે. આ મહાન કાર્યમાં આપ સૌનો સર્વ રીતે સહકાર સાંપડે એ જ અમારી અભિલાષા અને અભ્યર્થના !

## પૂ. શ્રમણ સંઘને નમ્ર વિનંતિ.

પ. પૂ. આચાર્ય ભગવંતો, પૂ. ઉપાધ્યાયજી મહારાજો, પૂ. પંન્યાસજી મહારાજો, તથા પૂ. મુનિમહારાજો અને પૂ. સાધ્વીજી મહારાજોને અમારી નમ્ર વિનંતિ છે કે આપ વિહાર દરમ્યાન શ્રી અંતરીક્ષજી તીર્થની યાત્રાર્થે પધારવાનું રાખશો. જ્યાં જ્યાં આપ વિહાર કરો ત્યાં ત્યાંના સંઘને તીર્થરક્ષાના આ મહાન કાર્યમાં સક્રિય સહકાર આપવાની પ્રેરણા કરશોજી તેમજ આ તીર્થરક્ષાના કાર્યમાં આપની સલાહ–સુચના અને માર્ગદર્શન અવશ્ય આપતા રહી, શ્વેતાંબર સંઘોના સત્ત્વને જગાડશો અને સત્યની રક્ષા કરશોજી, એ જ વિનંતિ.

पत्र व्यवहारनुं सरनामुं :

(१) श्री गुरु मंदिर.
पगडबंद लेन, नासिक सीटी.
Pin : 422001

लि.
अखिल महाराष्ट्रीय जैन शासनरक्षा समिति

## શ્રી સંઘ પાસે અમારી અપેક્ષા

૧. પૂજનીય સાધુ, સાધ્વીજી ભગવંતો અંતરીક્ષજી તરફ વિહાર કરતા રહે.

૨. તીર્થરક્ષા માટે ઉપયોગી થતાં બંધુઓ પોતાની શક્તિ આ કાર્યમાં લગાડે.—અમને જણાવે.

૩. ઉદારચરિત સદ્‌ગૃહસ્થો વધુમાં વધુ દાન તીર્થરક્ષાના આ કાર્યમાં આપવા સજ્જ બને અને બીજાઓને પણ પ્રેરણા કરે.

૪. પૂજનીય વિદ્વાન વ્યાખ્યાનકાર મહાત્માઓ આ તીર્થની પરિસ્થિતિ વ્યાખ્યાનોમાં સતત સહુને જણાવતા રહે. અને આ તીર્થરક્ષા નિમિત્તે તપ, જપ, કાયોત્સર્ગ અનુષ્ઠાનો સતત કરાવતા રહે.

૫. સહુ અંતરીક્ષજી તીર્થની યાત્રા કરવાનો કાર્યક્રમ ગોઠવે.

[ જિ. આકોલા, મહારાષ્ટ્ર ]

૬. કાગળો, પહોંચબુકો વગેરે ઉપર શ્રી અન્તરીક્ષજી પાર્શ્વનાથાય નમઃ છપાવવાનું રાખે.

૭. શાસનસેવા માટે જે સૂક્ષ્મ તે આંતરિક–બળની જરૂર છે તેના જંગી ઉત્પાદન માટે સમિતિએ કાર્ડ બહાર પાડ્યા છે; જેમાં આયંબિલ તપ , લોગસ્સનો જપ તથા ખાવાની એક ઈષ્ટ વસ્તુનો ત્યાગ વગેરેના સંકલ્પો જણાવવામાં આવ્યા છે. આ કાર્ડ સમિતિ (નાસિક) ના ...નામેથી મંગાવીને સેંકડો સ્નેહીજનોમ... ...ણ્યકાર્ય સહુ શરૂ કરી દે.

Serving JinShasan

મુદ્રક : તેજસ પ્રિન્... ખાનપુર, અમદાવાદ-...
...ભાઈ સેન્ટ... ...ભાઈ સેન્ટર, ખાનપુર, અમદા...

th.org ...rg